॥ ॐ ॥

शुक्लयजुर्वेदीय—

नित्यकर्मसंग्रहः ।

(गृह्योक्तः)

આ ગ્રન્થમાં

પારસ્કરગૃહ્યસૂત્ર કાત્યાયનસૂત્ર તથા પરિશિષ્ટગ્રન્થ ને

અનુસરી ગુજરાતી ભાષામાં સમજુતી સહિત સંધ્યા પંચ-

મહાયજ્ઞો આ પુસ્તકમાં આપી છે.

સંગ્રહકર્તા.

પંડિત, નરહરિ મંગળલાલ, શર્મા.

" પુરાણભૂષણ " ([illegible])

અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કર્તા,

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

ત્રણ દરવાજા—અમદાવાદ.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦

વિક્રમ સં. ૧૯૫૫. સને ૧૮૯૯

मूल्य ६ आना.

॥ ॐ ॥

शुक्लयजुर्वेदीय–

नित्यकर्मसंग्रहः ।

(सूत्रोक्तः)

આ ગ્રંથમાં

पारस्करगृह्यसूत्र, कात्यायनसूत्र तथा परिशिष्टसूत्र ने
અનુસરી, ગુજરાતીભાષામાં સમજુતી સહિત સંધ્યા–પંચ-
મહાયજ્ઞાદિ ક્રિયા લખવામાં આવી છે.

સંગ્રહકર્તા.

પણ્ડિત, નરહરિ મગનલાલ, શર્મા.

“ पुराणभूषण ” (વડોદરા રાજ્ય)

અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા,

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

ત્રણ દરવાજા—અમદાવાદ.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૨૦૦

વિક્રમ સં. ૧૯૬૯ સન ૧૯૧૩

मूल्य ६ आना.

શ્રી સત્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ. ડાહ્યાભાઇ
શકરાભાઇ તથા પ્રેમચંદ નહાલચંદે છાપ્યો.
ઠે૦ ખાડીયા—અમદાવાદ.

॥ ॐ ॥

उपोद्घात.

પ્રિય પાઠક મહાભાગ ! આ ભારત ભૂમિમાં જન્મીને મનુષ્યે, શુભ કર્મ કરવાનાં છે. કારણ કે, " **यतो हि कर्मभूरेषा ततोऽन्या भोगभूमय.**[1] " માટે કર્મ અવશ્ય કરવાં જોઈએ. હવે તે કર્મના **नित्य** અને **नैमित्तिक** એવા બે વિભાગ છે; **नित्य** એટલે સંધ્યા —અગ્નિહોત્રાદિ અને **नैमित्तिक** એટલે સાંવત્સરી શ્રાદ્ધાદિક. આ બન્ને કર્મો દ્વિજે (બ્રાહ્મણ ક્ષત્રિય તથા વૈશ્યે) અવશ્ય કરવાનાં છે; તે પૈકી **नित्यकर्म** દ્વિજોને સુલભતા માટે આ ગ્રંથમાં **संग्रह** કરવામાં આવ્યું છે અને તેથીજ આ ગ્રંથનું **नित्यकर्मसंग्रह** એવું નામ રાખ્યું છે. કોઇ શંકા કરશે કે, " નિત્યકર્મ માટે અનેક આન્હિક ગ્રન્થો તૈયાર મળે છે, તો પછી આ " **इदं नवीनम्** " ની માફક કરવાની શી જરૂર ? " આને માટે ઉત્તર એજ છે કે, " અત્યાર સુધીમાં જે જે આન્હિક ગ્રન્થો તૈયાર થયેલ છે તે સર્વ પ્રાયઃ વૈદિક મન્ત્રોવાળા નથી: પણ તેમાં ઘણા ભાગે પૌરાણિક અને તાંત્રિક પ્રયોગો તથા શ્લોકો ભેળવેલા નજરે પડે છે અને મુદ્રાઓ તથા ન્યાસ વિગેરે તાંત્રિક વિષયજ મુખ્ય થઇ ગયો છે,[2] કે જે તાંત્રિક ગ્રન્થોએ અત્યાર સુધીમાં કેટલાક અંશે આપણા દેશને હાનિ પહોચાડી છે. માટે નિત્યકર્મના આન્હિક-ગ્રન્થોમાં પણ તેવા પ્રયોગો ભેળવેલા હોવાથી તે તે આન્હિક ગ્રન્થો,

---

(૧) કારણકે આ ભારતભૂમિ કર્મભૂ–કર્મ માટે છે. તેથી ઇતર ભોગ્ય ભૂમિ છે. (૨) " ચોવિશ મુદ્રાઓ ન જાણનારની ગાયત્રી નિષ્ફળ જાય છે. " ઇત્યાદિ વૃહેમ વધારનારા વચનો હોવાથી.

ઉપાસકની ઉન્નતિ તથા સમયનીહાનિ કરનારા છે; જેથી વિદ્વજ્જનોને માન્ય નથી. તે કારણથીજ આ **यजुर्वेदीय नित्यकर्मसंग्रह** માં શુદ્ધ વૈદિક મંત્રો અને વૈદિક ક્રિયાજ દાખલ કરવામાં આવી છે. હા ! ' દેશ, કાલ અને શિષ્ટાચારને વિચારીને, જે વિશેષ હાનિકર નથી તથા થોડે ઘણે અંશે લાભકર છે, તેવી ક્રિયાને સ્થાન આપવામાં આવ્યું છે. બાકીની અવૈદિક બાબતો પ્રાય છોડી દીધેલ છે. માટે શ્રેયઃકામનાવાળા દ્વિજને આ ગ્રન્થ અગત્યનો છે. " એટલું ઉત્તર આપી પ્રસ્તુત ઉપર આવશું.

" **अहरहः सन्ध्यामुपासीत**[1] **। सन्ध्याहीनोऽशुचिर्नित्यमनर्हः सर्वकर्मसु**[2] **। सन्ध्याहीनास्त्रिभिर्दिनैः**[3] **।** " ઇત્યાદિ અનેક વચનો, સંધ્યા નહિં કરનાર દ્વિજને નિંદે છે તથા નિત્યકર્મનો ઉપદેશ કરે છે. માટે દ્વિજે, નિત્યકર્મ (સંધ્યાદિ) અવશ્ય કરવું. કારણ કે, સંધ્યાદિ નહિં કરવાથી પતિત અને વ્રાત્ય થવાય છે. વ્રાત્ય તે છે કે, જે બ્રાહ્મણપુત્રને આઠમા વર્ષથી સોળમા વર્ષ સુધીમાં, જે ક્ષત્રીયપુત્રને અગીઆરમા વર્ષથી બાવીશમા વર્ષ સુધીમાં તથા જે વૈશ્યપુત્રને બારમા વર્ષથી ચોવીશમા વર્ષ સુધીમાં ઉપનયન–જનોઇ દેઈ ગુરૂકુલમાં મોકલવું, ન થયું હોય. હવે તેમ છતાં સમય બળને લીધે જેઓ, તેવા વ્રાત્યપણાને પામ્યા હોય, તેમને પણ (નિત્યકર્મનો લોપ ન થાય તે માટે) ત્રણ કૃચ્છ્ર વ્રત કરાવી પછી વિધિપૂર્વક ઉપનયન કરવામાટે મનુસ્મૃતિ આજ્ઞા

---

(૧) દ્વિજે, દરરોજ સંધ્યોપાસન કરવું (૨) દ્વિજ, સંધ્યા નહિં કરવાથી નિત્ય અપવિત્ર છે અને સર્વ કર્મોમાં અયોગ્ય છે. (૩) દ્વિજ, ત્રણ દિવસ સંધ્યા નહિં કરવાથી શૂદ્રત્વને પામે છે.

કરે છે[1] આથી સ્પષ્ટજ છે કે, ગમે તેવી દશામાં પણ દ્વિજે. પોતાના નિત્ય કર્મનો લોપ કરવો નહિં. આમ છતાં અપશોસ છે કે, આપણાજ દેશના પરન્તુ પાશ્ચાત્ય કેળવણીને પામેલા કેટલાએક ભદ્ર પુરુષો, સન્ધ્યા વિગેરે નવરા બ્રાહ્મણોને ટાઇમ ગાળવાનો ધંધો છે.' એમ વગર વિચાર્યે કહી દે છે, પરતુ તેવુ કહેવામાં તેઓનો દોષ નથી, કારણ એજ છે કે, આપણા નિત્યકર્મના ગ્રન્થોમાં કેટલાએક વેદાનભિજ્ઞ જનોએ, પોતાની પ્રતિષ્ઠાની ખાતર તાંત્રિક પ્રયોગો દાખલ કરીને સમય ગાળવા સરીખુજ કરેલ છે, જેથી કાંઇ ફાયદો નથી ઉત ચ હાનિ છે. માટે આ ગ્રંથમાંથી તેવાં વ્યર્થ ટાયલા દૂર કરવામાં આવેલ છે.

આ ગ્રંથમાં નિત્ય માટે દરેક ક્રિયા અને મંત્રો આપેલા છે, 'જેની ક્રિયા કેવી રીતે કરવી.' તે માટે તે તે મંત્રો ઉપર આંકડા મૂકી, નીચે ફુટનોટમાં આંકડાની ગોઠવણીથી સમજાવવામા આવી છે. જે કોઇ વિષય વા મંત્ર સૂત્રોક્તથી વિશેષ પ્રક્ષિપ્ત છે તે [ ] આવા કૌંસમાં આપેલ છે. જ્યાં હ્રસ્વ ગું બોલવાનું છે, ત્યા ॅ ચિન્હ છે તથા જ્યાં દીર્ઘ ગૂં બોલવાનુ છે ત્યાં ॅ॒ ચિન્હ છે. ગ્રથના પાછળના ભાગમાં જે **परिशिष्ट** આપેલ છે, તેમાં પણ ઉપયોગી વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. **सायं होमप्रयोग** અને **प्रातर्होमप्रयोग** આધુનિક સમયમાં પ્રાય પ્રચલિત નહિં હોવાથી તેને પણ ત્યાંજ સ્થાન આપવામાં આવ્યું છે. છેવટે ઉત્સાહી અને ગુણગ્રાહી દ્વિજોને

---

(१) **येषां द्विजानां सावित्री नानूच्येत यथाविधि ।**
ताँश्चारयित्वा त्रीन् कृच्छ्रान्यथाविध्युपनाययेत् ॥
મનુ૰ અ૰ ૧૧. શ્લો. ૧૯૧.

સવિનય નિવેદન કે, "બન્ધુઓ ! આપ આ નાનકડા પુસ્તકથી મ્હોટો લાભ લેઇ કર્તા અને પ્રકાશકના પ્રયાસને સફળ કરશો તથા હંસવત્ સારગ્રાહી વિદ્વજ્જનો ! લેખકના પ્રમાદથી વા દૃષ્ટિદોષથી કે પ્રેસની અસાવધતાથી રહેલી અશુદ્ધિને સુધારી, ગુણગ્રહણ કરશો. કારણ કે, જગત્માં કોઇ મનુષ્ય સર્વજ્ઞ નથી **न हि सर्वः सर्वं जानाति।**" માટે,

गच्छतः स्खलनं क्वापि भवत्येव प्रमादतः।
हसन्ति दुर्जनास्तत्र समादधति सज्जनाः॥

सुज्ञेषु किं बहुना ।

સંવત્ ૧૯૬૮
વૈશાખ શુક્લા.
૩
અક્ષય્ય તૃતીયા.
અમદાવાદ.

વિદ્વજ્જનકૃપાભિલાષી.
પણ્ડિત, નરહરિ મગનલાલ, શર્મા.
" **पुराणभूषण** " (વડોદરા રાજ્ય)
સાનંદનિવાસી.

अनुक्रमणिका ।

॥ अथ ॥

शुक्लयजुर्वेदीयमाध्यंदिनवाजसनेयिनां

नित्यकर्मसंग्रहः ।

(सूत्रोक्तः)

ॐ सहनाववतु सह नौ भुनक्तु सह वीर्यं करवावहै ।
तेजस्विनावधीतमस्तु मा विद्विषावहै। ॐ शांतिः शान्तिः शान्तिः

। प्रातःकृत्यानि ।

[1]श्रेयमिच्छद्भिर्जनैर्ब्राह्ममुहूर्ते निद्रात्यागः कार्यः अनंतरं स्वेष्टदेवतास्मरणं कर्त्तव्यम् "स्वकरतलावलोकनम्"

૧ કલ્યાણને ઇચ્છતા દરેક મનુષ્યે, બ્રાહ્મ મુહૂર્ત (પાછલી છ ઘડી, ચાર ઘડી અથવા બે ઘડી રાત્રી રહે તે સમય) માં નિદ્રાનો ત્યાગ કરીને પછી પોતાના ઇષ્ટદેવનુ સ્મરણ કરવુ.

[1]कराग्रे वसते लक्ष्मीः करमध्ये सरस्वती । करमूले स्थितो ब्रह्मा प्रभाते करदर्शनम् ॥ "भूमिस्पर्शनम्[2]"—समुद्रवसने देवि पर्वतस्तनमण्डले। विष्णुपत्नि नमस्तुभ्यं पादस्पर्शं क्षमस्व मे ॥ पश्चात् मलमूत्रोत्सर्गं[3] शौचं[4] च विधाय दंतधावनं कार्यम्।[5] "मंत्रः—" अन्नाद्याय व्यूहध्वꣳ सोमो राजाऽयमागमत् । स मे मुखं प्र माक्ष्यंते यशसा च भगेन चेति ॥ "सू-

---

૧ આ મંત્રથી પોતાના જમણા હાથને જોવો. ૨ આ મંત્રથી પૃથ્વીની ક્ષમા યાચી પગ દેવો. ૩ **મળત્યાગ વિધિ**—ગામથી બહાર જઇને, પવિત્ર જગામાં સુકું ઘાસ અથવા યજ્ઞમાં અનુપયોગી લાકડાં વિગેરે પાથરીને મળમૂત્રોત્સર્ગ કરવો. તે સમયે વસ્ત્રથી મસ્તક ઢાંકવું તથા જનોઇને કંઠ લંબીત કરી દક્ષિણ કર્ણ ઉપર રાખવું. મૌન્ય ધારણ કરવું અને દિવસે તથા બેઉ સંધ્યા સમયમાં ઉત્તર દિશા તરફ મુખ રાખવું તથા રાત્રીએ દક્ષિણમાં મુખ રાખી બેસવું. માર્ગમાં, દેવાલયના સ્થાનમાં, જલાશયની સમીપમાં તથા સૂર્યની સંમુખ રહી મળત્યાગ કરવો નહિ. ૪ **શૌચવિધિ**—મળત્યાગ કર્યા પછી શુદ્ધ મૂત્તિકા લેઇને એકવાર લિંગમાં, ત્રણ વાર ગુદામાં, દશવાર ડાબા હાથમાં, સાતવાર બેઉ હાથમાં ત્રણવાર બંને પગમાં મૃતિકા લગાવી, તેટલીવાર તે તે અંગોને જળ વડે ધોવાં. આ ગૃહસ્થના માટે શૌચ છે. તેથી બમણું બ્રહ્મચારીને, ત્રણગણું વાનપ્ર-

र्यप्रार्थना–" प्रातः स्मरामि खलु तत्सवितुर्वरेण्यं रूपं हि मण्डलमृचोऽथ तनूर्यजूंषि । सामानि यस्य किरणाः प्रभवादिहेतुं ब्रह्माहरात्मकमलक्ष्यमचिन्त्यरूपम् ॥ प्रातर्नमामि तरणिं तनुवाङ्मनोभिर्ब्रह्मेन्द्रपूर्वकसुरैर्नुतमर्चितं च । वृष्टिप्रमोचनविनिग्रह-

स्थने अने चारगणु सन्यासीने कह्युं छे तथा स्त्री, शूद्र अने बाळके, प्रथमना शौच करतां अडधुं करवुं एम कह्युं छे. अथवा तो ते ते अंगोथी बराबर दुर्गंधी जाय तेटलीवार मृत्तिकाथी शौच करवुं ते उत्तम छे. पछी बार कोगळा करवा, मूत्र त्याग कर्या पछी चार कोगळा करवा अने जम्या पछी सोळ करवा. पछी आचमन करवुं ते जमणा हाथमां जळ लेइने, कनिष्ठिका तथा अंगुष्टने जुदा राखी अंगुष्ठना मूळथी त्रणवार आचमन करवुं. '**ॐ केशवाय नमः स्वाहा । ॐ नारायणाय नमः स्वाहा । ॐ माधवाय नमः स्वाहा ।**' पछी '**ॐ गोविन्दाय नमः ।**' ए मंत्रथी हाथ धोइ नाखवो. **५ दंतधावन विधि**—दंत धावन माटे बार आंगळनुं काष्ट लेवुं अने तेनो आंगळीना एक वेढा जेटलो कुचो करी बराबर दांत साफ करवा प्रथम उपरनो मंत्र भणवो. पछी सारी रीते मुख प्रक्षालन करीने आगळ लख्या प्रमाणे सूर्यनी प्रार्थना तथा पुण्यजनोनुं स्मरण करवुं अने तेमनां चरित्रो प्रमाणे वर्ततां रहेवुं जेथी कल्याण प्राप्ति थाय छे. एकलुं पोपटनी माफक बोली जवाथी कांइ पण फळ थतुं नथी.

हेतुभूतं त्रैलोक्यपालनपरं त्रिगुणात्मकं च ॥ प्रातर्भजामि सवितारमनन्तशक्तिं पापौघशत्रुभयरोगहरं परं च। तं सर्वलोककलनात्मककालमूर्तिं गोकंठबन्धनविमोचनमादिदेवम् ॥ श्लोकत्रयमिदं भानोः प्रातः प्रातः पठेत्तु यः । स सर्वव्याधिनिर्मुक्तः परं सुखमवाप्नुयात्[१] ॥ " पुण्यजनस्मरणम् "—प्रह्लादनारदपराशरपुंडरीकव्यासांबरीषशुकशौनकभीष्म—दाल्भ्यान्। रुक्मांगदार्जुनवसिष्ठविभीषणादीन्पुण्यानिमान्परमभागवतान्स्मरामि ॥ धर्मो विवर्धति युधिष्ठिरकीर्तनेन पापं प्रणश्यति वृकोदरकीर्तनेन । शत्रुर्विनश्यति धनंजयकीर्तनेन माद्रीसुतौ कथयतां न भवंति रोगाः ॥ नकुल—सहदेवौ । कर्को-

१ આ પ્રમાણે સૂર્યની સ્તુતી કરીને, દરેક મનુષ્યે, એવો નિયમ રાખવો કે, એકસો—આઠ, અઠ્ઠાશી, અઠ્ઠાવીશ અથવા તો બારવાર સૂર્યનારાયણને દંડવતકરવા, જેથી શ્લોકોક્ત ફળ મળે છે. આ પ્રમાણે ભણીને પછી, પાછળ પરિશિષ્ટ ભાગમાં લખેલા " **પ્રાતઃસ્મરણસૂક્ત** " નો પાઠ કરવો.

टकस्य नागस्य दमयंत्या नलस्य च। ऋतुपर्णस्य राजर्षेः कीर्तनं कलिनाशनम् ॥ अश्वत्थामा बलिर्व्यासो हनूमांश्च विभीषणः । कृपः परशुरामश्च सप्तैते चिरजीविनः ॥ सप्तैतान् संस्मरेन्नित्यं मार्कंडेयमथाष्टमम् । जीवेद्वर्षशतं सोऽपि सर्वव्याधिविवर्जितः ॥ अहल्या द्रौपदी सीता तारा मंदोदरी तथा ॥ पंचकं यः स्मरेन्नित्यं महापातकनाशनम् ॥

"गृहे प्रातःस्नानविधिः"[१]—आर्द्रौ हस्तौ पादौ प्रक्षाल्याचम्य गंडूषत्रयं च कृत्वा हस्ते जलं गृहीत्वा स्नानसंकल्पं कुर्यात्—यथा अत्राद्य महामांगल्यप्रदे अमुकमासे अमुकपक्षे अमुकतिथौ अमुकवासरे मम आत्मनः श्रुतिस्मृत्युक्तफलप्राप्त्यर्थं कायिकाद्यखिलपातक—निवृत्तिपूर्वकत्रिविधतापोपशमनार्थं श्रीपरमेश्वरप्री-

१ ઘેર સ્નાન કરવું હોય ત્યારે ઉષ્ણોદકથી જ કરવું જોઇએ. પ્રથમ હાથ પગ ધોઇને ત્રણ કોગળા કરવા, પછી હાથમાં જળ લેઇ સ્નાન સંકલ્પ કરવો.

त्यर्थं उष्णोदकेन गृहे प्रातः स्नानमहं करिष्ये ॥ [1]पश्चादेभिर्मंत्रैर्जलमभिमंत्र्य स्नायात् ।ॐ आपोहिष्ठा मयो भुवस्तानऽऊर्जे दधातन । महेरणाय चक्षसे ॥ यो वः शिवतमो रसस्तस्य भाजयते ह नः । उशतीरिव मातरः ॥ तस्माऽअरंगमामवो यस्य क्षयाय जिन्वथ । आपो जन यथा च नः ॥ शन्नो देवीरभिष्टयऽआपो भवन्तु पीतये । शं योरभिस्रवंतु नः॥

"नद्यादौ प्रातःस्नानविधिः"—[2]"जलाभिमंत्रणम्"—ॐ उरु ँ हि राजा वरुणश्चकार सू-

---

૧ પછી, આગળના મંત્રો ભણીને, જળનું અભિમંત્રણ કરીને સ્નાન કરવું, સ્નાન કરતી વેળા જળ પાત્રને છાંટા ઉડે નહિં તેમ વર્તવું અને શરીર બરાબર શુદ્ધ થાય તે પ્રમાણે સ્નાન કરવું. ૨ **નદી આદિ સ્થળે સ્નાન વિધિ**—સ્નાન કરનારે પવિત્ર મૃત્તિકા, ગાયનું છાણ, ભસ્મ અને દર્ભ લેઈને, નદિઆદિ સ્થળે જવું ત્યાં તે વસ્તુઓ પવિત્ર જગામાં મૂકીને, પછી હાથ—પગ ધોવા તથા શિખા બાંધવી અને આચમન કરવું પછી ગંગાદિ નદીના નામોચ્ચાર પૂર્વક ગૃહસ્નાન વિધિ પ્રમાણે સંકલ્પ કરીને આગળના મંત્રથી જળનું અભિમંત્રણ કરવું.

र्याय पन्था मन्वेत वाऽउ । अपदे पादा प्रतिधा-
तवे करुतापवक्ता हृदयाविधश्चित् । नमो वरुण-
याभिष्ठितो वरुणस्य पाशाः ॥ "जलावर्तनम्"—
[1]ॐ ये ते शतं वरुण ये सहस्रं यज्ञियाः पाशा वि-
तता महान्तः । तेभिर्नो अद्य सवितोत विष्णुर्वि-
श्वे मुंचंतु मरुतः स्वर्काः ॥ "पूर्णाञ्जलिनापोगृह-
णम्"— [2]ॐ सुमित्रिया नऽआपऽओषधयः सन्तु
"तटे प्रक्षेपणम्"— [3]ॐ दुर्मित्रियास्तस्मै सन्तु
योस्मान्द्वेष्टि यं च वयं द्विष्मः ॥ "मृत्तिकालेपनम्"
[4]ॐ इदं विष्णुर्विचक्रमे त्रेधा निदधे पदम् ।
समूढमस्य पांसुरे स्वाहा ॥ "गोमयलेपनम्"

---

૧ આ મંત્ર વડે જમણા હાથની આંગુળીઓથી જળમાં ત્રણ વાર આવર્તન કરવું. ૨ અજલીમાં જળ લેવુ. ૩ શત્રુનું સ્મરણ કરીને, તટ ઉપર ફેંકવું. ૪ શરીરે મૃત્તિકા ચોળવી. પછી હાથ ધોઇ આચમન કરવું.

[1]ॐ मानस्तोके तनये मानऽआयुषि मानो गोषु मनोऽअश्वेषु रीरिषः । मानो वीरान्रुद्रभामिनो वधीर्हविष्मन्तः सदामित्वा हवामहे ॥ अनन्तरं पूर्वोक्तैरापोहिष्ठादिभिर्मंत्रैर्दर्भेण मार्जनं कुर्यात् ॥ " अघमर्षणम् "– [2]ॐ द्रुपदादिव मुमुचानः स्विन्नः स्नातो मलादिव। पूतं पवित्रेणेवाज्यमापः शुन्धन्तु मैनसः ॥ " इति संक्षेपतो नद्यादौ स्नानविधिः " ॥

---

१ ગોમય શરીર ઉપર ચોળવુ. પછી સ્નાન કરી આચમન કરવું, અને ગૃહસ્નાન વિધિમાં લખેલા ' आपो हिष्ठा ' ઇત્યાદિ ચાર મંત્રો ભણી દર્ભ વડે શરીરે માર્જન કરવુ. २ જળમાં ડુબકી મારીને તથા શ્વાસ રોકીને આ મંત્રને ત્રણવાર ભણી જવો. પછી અંગશર શરીર ચોળી સ્નાન કરી લેવું અને શુદ્ધ ધોયેલાં વસ્ત્ર પહેરી સ્નાનાંગ આચમન તથા ભસ્મ ધારણકરી ઘેર જવું, શરીરાદિકની અઅસ્વસ્થતા હોય તેવા કારણ સમયે સાત પ્રકારનાં જૂદાં જૂદાં ગૌણ સ્નાન બતાવેલાં છે તેમાંથી ગમે તે પ્રમાણે વર્તવું. તે સ્નાન જેવાં કે, પહેલું મંત્ર સ્નાન (आपो हिष्ठा० ઇત્યાદિ ત્રણ મંત્રો ભણી જળથી માર્જન કરવું તે.) બીજું પાર્થિવ (માટી ચોળવી તે.) ત્રીજું આગ્નેય (ભસ્મ ચોળવી તે.) ચોથું વાયવ્ય (ગોરજ ચોપડવી તે.) પાચમું દિવ્ય (તડકા સાથે થતી વર્ષામાં ભીંજાવું તે.) છઠ્ઠું વારૂણ (જળથી સ્નાન) સાતમું માનસ (આત્મ વિચાર–ચિંતન કરવું તે.)

"अथ प्रातःसन्ध्याप्रयोगः"–[1](वामहस्ते दक्षिणहस्तेन भस्म गृहीत्वा पश्चादुदकमिश्रणानंतरं मर्दयेत् ।) "भस्ममर्दनम्"–[2] ॐ अग्निरिति भस्म । वायुरिति भस्म । जलमिति भस्म। स्थलमिति भस्म। व्योमेति भस्म। सर्व ँ ह वा इदं भस्म । मन एतानि चक्षू ँ षि भस्मानि ॥ "भस्माभिमंत्रणम्"–[3] ॐ त्र्यम्बकं यजामहे सुगन्धिं पुष्टिवर्धनम् । उर्वारुकमिव बन्धनान्मृत्योर्मुक्षीय माऽमृतात् ॥ १ ॥ प्रसद्य भस्मना योनिमपश्च पृथिवीमग्ने ॥ स ँ सृज्य मातृभिष्ट्वंज्योतिष्मान्पुनरासदः ॥ २ ॥ "भस्मधारणम्"[4] ॐ त्र्यायुषञ्जमदग्नेः कश्यपस्य त्र्यायुषम् । यद्दे-

---

१ यथोक्त स्नान कर्या बाद शुद्ध वस्त्र तथा उपवस्त्र धारण करीने, अने पवित्र आसन उपर बेशीने, सध्योपासननो आरभ करवो, प्रथम जमणा हाथथी डाबा हाथमा भस्म लेइने तेमां जळ मिश्रित करवुं. पछी २ भस्मनु मर्दन करवु. ३ आ मत्र वडे भस्मनु अभिमत्रण करवुं. ४ आ मत्र भणीने, ललाटमां, कंठमां, बने भुजा उपर तथा हृदयमां भस्म धारण करवुं.

वेषु त्र्यायुषन्तन्नोऽअस्तु त्र्यायुषम् ॥ ३ ॥ " शिखाबन्धनम् "– [1]ॐ भूर्भुवः स्वः तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि । धियो यो नः प्रचोदयात् ॥ ४ ॥ " रुद्राक्षमालाधारणम् "– [2]ॐ त्र्यम्बकं यजामहे० ॥ ५ ॥ " आचमनम् "– [3]ॐ आमागन्यशसा स ँ सृज वर्चसा । तं मा कुरु प्रियं प्रजानामधिपतिं पशूनामरिष्टं तनूनाम्॥ॐ भूः स्वाहा । ॐ भुवः स्वाहा । ॐ स्वः स्वाहा॥ "प्राणायामाः" –[4] प्रणवस्य परब्रह्म ऋषिः । परमात्मा देवता । दैवी गायत्री छन्दः । सप्तानां व्याहृतीनां विश्वामित्रजमदग्निभरद्वाजगौतमात्रिवासिष्ठकश्यपा ऋषयः।

१ ગાયત્રી મંત્ર ભણીને શિખા બાંધવી. ૨ રુદ્રાક્ષમાલા (૧૦૮ મણકાવાળી) ને ધારણ કરવી. ૩ આ મંત્ર ભણી પછી લખેલા ત્રણ વ્યાહૃતિ મંત્રો વડે ત્રણવાર શુદ્ધ જળથી આચમન કરવું. આચમન લેવા માટે પાત્ર જૂદું જ રાખવું. ૪ હવે પ્રાણાયામ કરવો. પ્રથમ તેનો વિનિયોગ છે. જે જે સ્થળે વિનિયોગ આવે ત્યાં ત્યાં જળ મૂકવાનું લક્ષ્ય રાખવું.

अग्निवायुसूर्यबृहस्पतिवरुणेन्द्रविश्वेदेवा देवताः । गायत्र्युष्णिगनुष्टुब्बृहतीपंक्तित्रिष्टुब्जगत्यश्छन्दांसि । तत्सवितुरित्यस्य विश्वामित्र ऋषिः। सविता परमात्मा देवता । गायत्री छन्दः । तथा च । आपोज्योतिरित्यस्य प्रजापतिर्ऋषिः । ब्रह्माग्निवायुसूर्या देवताः । यजुश्छन्दः । प्राणायामे विनियोगः ॥ [१]ॐ भूः । ॐ भुवः । ॐ स्वः । ॐ महः । ॐ जनः । ॐ तपः । ॐ सत्यम् । ॐ तत्सवितुर्वरेण्यं० ॥ ६ ॥ ॐ आपो ज्योती रसोऽमृतं ब्रह्म भूर्भुवः स्वरोम् ॥ " न्यासाः "–[२] वा-

१ પછી જમણા હાથની કનિષ્ઠિકા તથા અનામિકા વડે ડાબી નાસિકાને દબાવીને. આ મંત્ર સંપૂર્ણ મનમાં ભણતાં સુધી જમણી નાસિકાથી વાયુને અંદર લેવો. (પૂરક) પછી અંગુઠા વડે જમણી નાસિકાને દબાવવી એ પ્રમાણે બંને નાસાપુટને દબાવીને, વાયુને રોકવો. (કુંભક) અનંતર કનિષ્ઠિકા તથા અનામિકા છોડી દેઇને, ડાબી નાસિકાથી વાયુને બહાર કાઢવો (રેચક) આ પ્રમાણે ત્રણ પ્રાણાયામ કરવા. २ આટલું બોલીને હસ્તના અગ્ર ભાગથી મુખને સ્પર્શ કરવો.

ह्मऽआस्येऽस्तु । [1] नसोर्मे प्राणोऽस्तु । [2] अक्ष्णोर्मे चक्षुरस्तु । [3] कर्णयोर्मे श्रोत्रमस्तु, कर्णयोर्मे श्रोत्रमस्तु । [4] बाह्वोर्मे बलमस्तु, बाह्वोर्मे बलमस्तु । [5] ऊर्वोर्मे ओजोऽस्तु । [6] अरिष्टानि मेऽङ्गानि तनूस्तन्वा मे सह ॥ "पवित्रधारणम्"—[7] ॐ पवित्रेस्थो वैष्णव्यौ सवितुर्वः प्रसव उत्पुनाम्यच्छिद्रेण पवित्रेण सूर्यस्य रश्मिभिः । तस्य ते पवित्रपते पवित्रपूतस्य यत्कामः पुने तच्छकेयम्

૧ તર્જની તથા અંગુઠાથી બને નાસારંધ્રને સ્પર્શ કરવો. ૨ અનામિકા તથા અંગુઠાથી બને નેત્રોને સ્પર્શ કરવો. ૩ મધ્યમા તથા અંગુઠાથી પ્રથમ મંત્ર ભણીને, જમણા કર્ણને સ્પર્શ કરવો અને દ્વિતીય મંત્ર ભણીને, ડાબા કર્ણને સ્પર્શ કરવો. ૪ એકવાર ભણીને હસ્તાગ્રથી જમણી ભુજાને સ્પર્શ કરવો તથા બીજીવાર ભણીને ડાબી ભુજાને સ્પર્શ કરવો. ૫ બને હાથેથી એકદમ ઉરૂને સ્પર્શ કરવો. ૬ બને હાથ વડે મસ્તકથી આરંભીને પાદ પર્યંત સર્વ અંગોએ સ્પર્શ કરવો. ૭ આ મંત્ર ભણીને જમણા હાથની આનામિકામાં પવિત્ર (વીંટી) ધારણ કરવું. **વિશેષ**—જેનો પિતા જીવતો હોય તેણે સુવર્ણની વીંટી પહેરવી તથા જેનો પિતા મરણ પામ્યો હોય તેણે દર્ભમય વીંટી ધારણ કરવી.

॥ ७॥ "पवित्रीकरणम्"—[1] ॐ विष्णुर्विष्णुः । ॐ वाग्वाक् । ॐ प्राणः प्राणः। ॐ चक्षुश्चक्षुः । ॐ श्रोत्रं श्रोत्रम् । ॐ नाभिः । ॐ हृदयम् । ॐ कण्ठः । ॐ मुखम् । ॐ शिरः । ॐ शिखा । ॐ बाहुभ्यां यशो बलम् ॥ "संकल्पः"—[2] ॐ तत्सत्परमेश्वरप्रीत्यर्थं प्रातः सन्ध्योपासनमहं करिष्ये॥ "मार्जनम्"—[3] ॐ भूः पुनातु (शिरसि) ॐ भुवः पुनातु (नेत्रयोः) ॐस्वः पुनातु (कंठे) ॐ महः पुनातु (हृदये) ॐजनः पुनातु (नाभौ) ॐ तपः पुनातु (पादयोः) ॐ सत्यं पुनातु (शिरसि) ॐ खं ब्रह्म पुनातु (सर्वत्र) ॐ आपोहिष्ठा मयो भुवः (मस्तके) ॐ तानऽऊर्जे दधातन (भूमौ)

---

१ આ પ્રમાણે ભણતા જવું અને તેમાં પ્રદર્શિત દરેક અંગોને સ્પર્શ કરવો. २ પછી હાથમાં જલ લેઇને, પ્રાતસ્નાન વિધિમા લખ્યા પ્રમાણે अत्राद्य० ઇત્યાદિ સર્વ બોલીને, સંકલ્પ કરવો. ૩ પછી આ પ્રમાણે ભણવું અને દરેક જગાએ કૌંસમાં બતાવેલા સ્થળ ઉપર જળ વડે માર્જન કરતા જવું.

ॐ महेरणाय चक्षसे (आकाशे) ॥ ८ ॥ ॐ यो वः शिवतमो रसः (आकाशे) ॐ तस्य भाजयतेह नः (भूमौ) ॐ ऊशतीरिवमातरः (मस्तके)॥९॥ ॐ तस्माऽअरङ्गमामवः (मस्तके) ॐ यस्य क्षयाय जिन्वथ (आकाशे) ॐ आपो जन यथा च नः (भूमौ) ॥ १० ॥ " अम्बुप्राशनम् "–[1] सूर्यश्च मेत्यस्य नारायण ऋषिः । सूर्यो देवता । अनुष्टुप् छन्दः । अम्बुप्राशने विनियोगः ॥ ॐ सूर्यश्च मा मन्युश्च मन्युपतयश्च मन्युकृतेभ्यः पापेभ्यो रक्षन्ताम् । यद्रात्र्या पापमकार्षम् । मनसा वाचा हस्ताभ्याम् । पद्भ्यामुदरेण शिश्ना । रात्रिस्तदवलुम्पतु । यत् किञ्चित् दुरितं मयि । इदमहं माममृतयोनौ । सूर्ये ज्योतिषि जुहोमि स्वाहा ॥ " ततो

---

१ હાથમાં જળ લેઇ પ્રથમ વિનિયોગ મૂકવો પછી જમણા હાથમાં જળ રાખીને આ મંત્ર ભણવો. અંતે મંત્રાચમન કરી જવું.

द्विराचमनम् "—[1] ॐ भूः स्वाहा । ॐ भुवः स्वाहा। ॐ स्वः स्वाहा ।। हस्तं प्रक्षाल्य पुनरप्येवमाचमनं कुर्यात् ।। "मार्जनम्"—[2] आपो हिष्ठेति तिसृणां सिन्धुद्वीप ऋषिः । आपो देवता । गायत्री छन्दः । मार्जने विनियोगः।। पश्चादापोहिष्ठेत्यादिभिस्त्रिभिर्मंत्रैर्मार्जनं कुर्यात् [3]"जलावग्रहणम्"सुमित्रिया दुर्मित्रिया इति द्वयोः प्रजापतिर्ऋषिः। आपो देवता। अनुष्टुप् छन्दः। जलावग्रहणे विनियोगः ।। [4] ॐ सुमित्रिया नऽआपऽओषधयः सन्तु। दुर्मित्रियास्तस्मै सन्तु योस्मान् द्वेष्टि यञ्च वयं द्विष्मः ।। ११ ।। "अघमर्षणम्" द्रुपदादिवेत्यस्य कोकिलराजपुत्र ऋषिः । आपो देवता । अनुष्टुप् छन्दः । अघ-

---

૧ પછી ત્રણ વ્યાહૃતી મંત્રો વડે ત્રણવાર આચમન કરી પુન. તેજ પ્રમાણે કરવું અને હાથ ધોઇ નાખવો. ૨ પછી હાથમાં જળ લેઇને વિનિયોગ મૂકવો. ૩ પછી, પ્રાતઃ સ્નાન વિધિમાં લખેલા **आपोहिष्ठा०** ઇત્યાદિ ત્રણ મંત્રોવડે માર્જન કરવું. ૪ આ મંત્રથી હાથમાં જળ લેઈ પાછું તરભાણામાં મૂકી દેવું,

मर्षणे विनियोगः ॥ [1] ॐ द्रुपदादिव मुमुचानः स्विन्नः स्नातो मलादिव । पूतं पवित्रेणेवाज्यमापः शुन्धन्तु मैनसः ॥ १२॥ " पापपुरुषनिरसनम् " ऋतं च सत्यं चेत्यस्याघमर्षण ऋषिः । भाववृत्तो देवता । अनुष्टुप् छन्दः । पापपुरुषनिरसने विनियोगः ॥ [2]ॐ ऋतञ्च सत्यञ्चाभीद्धात्तपसोऽध्यजायत । ततो रात्र्यजायत । ततः समुद्रोऽअर्णवः समुद्रादर्णवादधिसंवत्सरोऽअजायत । अहोरात्राणि विदधद्विश्वस्य मिषतो वशी । सूर्याचन्द्रमसौ धाता यथापूर्वमकल्पयत्। दिवं च पृथिवीञ्चान्तरिक्षमथो स्वः ॥ १३ ॥ " सूर्यार्घ्यदानम् "—भूर्भुवः स्वरिति म[illegible]व्याहृतीनां परमेष्ठी प्रजापतिर्ऋषिः। अग्निवायुसूर्या देवताः । गायत्र्युष्णिगनुष्टुप्छन्दांसि ।

१ આ મંત્ર ભણીને ડાબા હાથમાં જળ લેવું અને પછી ઉપર જમણો હાથ ઢાંકવો. ૨ પછી આ મંત્ર ભણીને, તે જળ સૂંઘીને, પોતાની ડાબી બાજુએ નાંખી દેવું.

तत्सवितुरित्यस्य विश्वामित्र ऋषिः। सविता दे-
वता। गायत्री छन्दः। सूर्यार्घ्यदाने विनियोगः॥
[1]ॐ भूर्भुवः स्वः ॐ तत्सवितु० ॥१४॥ ॐ भू-
र्भुवः स्वः (ब्रह्मस्वरूपिणे) श्रीसूर्यपरमात्मने नमः
इदमर्घ्यं दत्तं न मम॥ इत्युच्चार्य त्रिवारमर्घ्यदानं
कुर्यात्॥ कालातिक्रमे जाते सति चतुर्थं दद्यात्॥ [2]ॐ
असावादित्यो ब्रह्म। इति मन्त्रेणात्मनः समन्तात्प्रदक्षि-
णन्जलं क्षिपेत्। आचमनं प्राणायामंच कुर्यात्। "सूर्यो-
पस्थानम्"—उद्वयमुदुत्यमिति द्वयोः प्रस्कण्व
ऋषिः। सूर्यो देवता। अनुष्टुप् छन्दः। चित्रं
देवानामित्यस्य कुत्साङ्गिरस ऋषिः। सूर्यो देवता।

---

१ એક ત્રાંબાના અર્ઘ્યપાત્રમાં જળ, ચંદન, પુષ્પ તથા અક્ષત નાંખીને, આ સંપૂર્ણ ગાયત્રી મંત્ર ભણી ત્રણવાર અર્ઘ્ય આપવો. કોઇ સમયે સંધ્યાનો સમય વ્યતીત થઇ ગયો હોય તો ચોથો અર્ઘ્ય તેજ પ્રમાણે વધારે આપવો. ૨ આ મંત્ર ભણીને, પોતાની ચારે બાજુ જલ નાંખવું. અને પછી આચમન તથા પ્રાણાયામ કરવો.

त्रिष्टुप् छन्दः। तच्चक्षुरित्यस्य दध्यङ्ङाथर्वण ऋषिः। सूर्यो देवता। उष्णिक् छन्दः। सूर्योपस्थाने विनियोगः॥ [1]ॐ उद्वयन्तमसस्परिस्वः पश्यन्तऽउत्तरम्। देवन्देवत्रा सूर्य्यमगन्मज्ज्योतिरुत्तमम्॥ १५॥ उदुत्यं जातवेदसं देवं वहन्ति केतवः। दृशे विश्वाय सूर्यम्॥ १६॥ चित्रं देवानामुदगादनीकं चक्षुर्मित्रस्य व्वरुणस्याग्नेः। आप्राद्यावापृथिवीऽअन्तरिक्ष ँ सूर्यऽआत्मा जगतस्तस्थुषश्च॥ १७॥ तच्चक्षुर्देवहितं पुरस्ताच्छुक्रमुच्चरत्। पश्येम शरदः शतञ्जीवेम शरदः शत ँ शृणुयाम शरदः शतम्प्रब्रवाम शरदः शतमदीनाः स्याम शरदः शतम्भूयश्च शरदः शतात्॥ १८॥ "गायत्र्यावाहनम्" तेजोसीत्यस्य परमेष्ठी प्रजापतिर्ऋषिः। आज्यं देवता। जगती छन्दः। य-

---

१ પછી બન્ને હાથ ઊંચા કરીને, આ મન્ત્રોથી સૂર્યોપસ્થાન કરવું.

ज्जुर्गायत्र्यावाहने विनियोगः ॥ [1]ॐ तेजोसि शु-
क्रमस्यमृतमसि धामनामासि । प्रियन्देवानामना-
धृष्टन्देवयजनमसि ॥ १९ ॥ " गायत्र्युपस्था-
नम् "—तुरीयपदस्य विमल ऋषिः । परमात्मा
देवता । गायत्री छन्दः । गायत्र्युपस्थाने विनि-
योगः ॥ [2]ॐ गायत्र्यस्येकपदी द्वीपदी त्रिपदी
चतुष्पद्यपद्यसि । न हि पद्यसे नमस्ते तुरीयाय
दर्शताय पदाय परो रजसे सावदोम् ॥ " गाय-
त्रीजपः "—प्रणवस्य ब्रह्मा ऋषिः । परमात्मा
देवता । गायत्री छन्दः । व्याहृतीनां प्रजापति-
र्ऋषिः । अग्निवायुसूर्या देवताः । गायत्री छन्दः ।
तत्सवितुरित्यस्य विश्वामित्र ऋषिः । सविता पर-
मात्मा देवता । गायत्री छन्दः । सर्व पापक्षयार्थे

---

१ આ મંત્ર ભણી ગાયત્રીનુ આવાહન કરવું. २ આ મંત્રથી ઉપસ્થાન કરવું.

जपे विनियोगः ॥ "गायत्रीमन्त्रः" [1] ॐ भूर्भुवः स्वः ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि। धियो यो नः प्रचोदयात् ॐ ॥ २० ॥ "सूर्यप्रदक्षिणा" विश्वतश्चक्षुरिति मन्त्रस्य विश्वकर्मा भौवन ऋषिः। विश्वकर्मा देवता। त्रिष्टुप् छन्दः। सूर्यप्रदक्षिणायां विनियोगः ॥ [2] ॐ विश्वतश्चक्षुरुत विश्वतो मुखो विश्वतो बाहुरुत विश्वतस्पात्। सम्बाहुभ्यान्धमति सम्पतत्रैर्द्यावा भूमी जनयन्देवऽएकः ॥ २१ ॥ "दिग्देवतानमस्कारः"—

१ પછી જપમાલાને ગોમુખીમાં રાખીને અથવા વસ્ત્રથી ઢાંકીને, ઉભા રહીને આ ગાયત્રી મંત્રનો સહસ્ર, એકસો આઠ, અઠ્ઠાવીશ અથવા દશવાર એક ચિત્તે અર્થાનુસન્ધાન પૂર્વક જપ કરવો. **ગાયત્રી મંત્રનો ભાવાર્થ**—(પ્રથમ 'ભૂ' 'ભુવ' અને 'સ્વ.) એ ત્રણ વ્યાહ્યતીઓ પરબ્રહ્મના વાચક છે.) હે પરમાત્મન્! સર્વ જગત્‌ના ઉત્પાદક તથા સર્વ સુખના દાતા એવા આપનું જે અત્યંત શ્રેષ્ઠ શુદ્ધ સ્વરૂપ છે તેનું અમે ધ્યાન કરીએ છીએ કે જે, અમારી બુદ્ધિઓને શુભ કર્મોમાં પ્રવૃત્ત કરે. २ આ મંત્ર ભણીને, આસન ઉપરજ પ્રદક્ષિણા કરવી.

[1] (पूर्वे) ॐ इन्द्राय नमः । (आग्नेय्याम्) ॐ अग्नये नमः । (दक्षिणस्याम्) ॐ यमाय नमः । (नैर्ऋत्याम्) ॐ निर्ऋतये नमः । (पश्चिमे) ॐ वरुणाय नमः । (वायव्याम्) ॐ वायवे नमः । (उत्तरस्याम्) ॐ कुबेराय नमः । (ईशान्याम्) ॐ ईशानाय नमः । (ऊर्ध्वायाम्) ॐ ब्रह्मणे नमः । (अधस्तात्) ॐ अनन्ताय नमः ॥ "जपनिवेदनम्" देवा गातु विद इत्यस्य मनसस्पतिर्ऋषिः । वातो देवता । विराट् छन्दः । जपनिवेदने विनियोगः ॥ [2] ॐ देवागातु विदो गातुं वित्वा गातुमित । मनसस्पतऽइमन्देव यज्ञ ँ स्वाहा वातेधाः ॥ २२ ॥ "जपार्पणम्" [3] अनेन प्रातःसन्ध्योपासनाङ्गभूतन (सहस्र

---

१ पछी આગળ લખેલા મંત્રો ભણીને ક્રાસમાં બતાવેલી દરેક દિશામાં નમસ્કાર કરવો. २ આ મંત્ર ભણી જપ નિવેદન કરવું. ३ હાથમાં જળ લેઈને, આગળ પ્રમાણે ભણીને મૂકી દેવું. અર્થાત્ જપ અર્પણ કરવો અને જેટલા જપ કર્યા હોય તેટલા અંકવાળા તેમાં લખેલા શબ્દનું ઉચ્ચારણ કરવું.

१०००। अष्टोत्तरशत १०८। अष्टाविंशाति २८। वा दश १०) गायत्रीमन्त्रजपाख्येन कर्मणा श्रीभगवान् सविता परमात्मा देवता प्रीयतां न मम ॥ "प्रार्थना"—[1]यदक्षरपदभ्रष्टं मात्राहीनं च यद्भवेत् । तत्सर्वं क्षम्यतां देव प्रसीद परमेश्वर ॥ "गोत्रोच्चारपूर्वकं अभिवादनम्"—[2](अमुक) गोत्रोत्पन्नः (अमुक) प्रवरान्वितः शुक्लयजुर्वेदान्तर्गतमाध्यन्दिनवाजसनेयशाखाध्यायी (अमुक) शर्माऽहं भो आचार्य त्वामभिवादयामि । भो वैश्वानर त्वा-

---

१ હાથ જોડી પરમેશ્વરની પ્રાર્થના કરવી. २ પછી આ પ્રમાણે ગોત્રોચ્ચાર કરીને અભિવાદન કરવું. તેમાં કૌંસમા જે જે સ્થળે 'અમુક' શબ્દ છે ત્યાં ત્યાં પોતાના તે તે ગોત્ર તથા પ્રવરોનું ઉચ્ચારણ કરવું. જેમ ઉદાહરણ કે, (वसिष्ठ) गोत्रोत्पन्नः (शक्ति-पराशर—वसिष्ठेतित्रि) प्रवरान्वितः शुक्लयजुर्वेदान्तर्गतमाध्यंदिनवाजसनेयशाखाध्यायी (नरहरि) शर्माऽहं ।

અહિં જે 'શર્મા' શબ્દ છે તે સ્થળે ક્ષત્રિયે, 'વર્મા' કહેવું અને વૈશ્યે, 'ગુપ્તો' બોલવું.

मभिवादयामि । भो सूर्याचन्द्रमसौ युव मभिवादयामि । भो याज्ञवल्क्य त्वामभिवादयामि । भो ईश्वर त्वाऽभिवादयामि ॥ [1]ततो द्विराचमनम् ॥ "अर्पणम्"—[2]अनेन प्रातःसंध्योपामनख्येन कर्मणा श्रीभगवान् परमेश्वरः प्रीयतां न मम ॥ ॐ विष्णवे नमः ३ ॥ इति प्रातःसन्ध्याप्रयोगः ॥

[अथ षोडशोपचारपञ्चायतनदेवपूजाप्रयोगः—आचम्य प्राणानायम्य[3] । " मङ्गलोच्चारणम् " ॐ स्वस्तिनऽइन्द्रो वृद्धश्रवाः स्वस्ति नः पूषा विश्ववेदाः। स्वस्ति नस्तार्क्ष्योऽअरिष्टनेमिः स्वस्ति नो बृहस्प-

१ પછી વ્યાહૃત્તિથી ત્રણવાર આચમન કરીને, પુન.પણ તેજ રીતે આચમન કરવું. ૨ પછી આ પ્રમાણે ભણીને, કર્મ ઇશ્વરાર્પણ કરવું અને ત્રણવાર વિષ્ણુસ્મરણ કરવુ તથા પછી ઇચ્છા હોય તો આ પુસ્તકના પરિશિષ્ટ ભાગમાં બતાવેલા '**ઈશ્વર પ્રાર્થના**' મંત્રો ભણી ઇશ્વરની પ્રાર્થના કરવી. ॥ **इति प्रात सन्ध्याप्रयोग.** ॥ ૩ પ્રથમ આચમન તથા પ્રાણાયામ કરીને પછી નીચેના મંત્રો ભણવા.

तिर्दधातु ॥ १ ॥ ॐ भद्रङ्कर्णेभिः शृणुयाम देवा भद्रं पश्येमाक्षभिर्यजत्राः । स्थिरैरङ्गैस्तुष्टुवा ँ सस्तनूभिर्व्यशेमहि देवहितं यदायुः ॥ २ ॥ ॐ र म्पत्नीभिरनुगच्छेम देवाः पुत्रै र्भ्रातृभिरुतवा हिरण्यैः । नाकं गृभ्णानाः सुकृतस्य लोके तृतीये पृष्ठेऽअधिरोचने दिवः ॥ ३ ॥ " नमस्काराः "— [1]ॐ श्रीमन्महागणपतये नमः ॥ ३ ॥ इष्टदेवताभ्यो नमः । कुलदेवताभ्यो नमः । ग्रामदेवताभ्यो नमः । स्थानदेवताभ्यो नमः । वास्तुदेवताभ्यो नमः । वाणीहिरण्यगर्भाभ्यां नमः । श्रीलक्ष्मीनारायणाभ्यां नमः । श्रीउमामहेश्वराभ्यां नमः । शचीपुरन्दराभ्यां नमः । मातापितृचरणकमलभ्यो नमः । सर्वेभ्यो देवेभ्यो नमः । सर्वेभ्यो ब्राह्मणेभ्यो नमः । तत्सत् श्रीपरमात्मने नमो

१ પછી નમસ્કાર કરવા.

नमः । निर्विघ्नमस्तु ॥ [1]सुमुखश्चैकदन्तश्च कपिलो गजकर्णकः । लम्बोदरश्च विकटो विघ्ननाशो गणाधिपः ॥ धूम्रकेतुर्गणाध्यक्षो भालचन्द्रो गजाननः । द्वादशैतानि नामानि यः पठेच्छृणुयादपि ॥ विद्यारम्भे विवाहे च प्रवेशे निर्गमे तथा । सङ्ग्रामे सङ्कटे चैव विघ्नस्तस्य न जायते ॥ शुक्लाम्बरधरं देवं शशिवर्णं चतुर्भुजम् । प्रसन्नवदनं ध्यायेत्सर्वविघ्नोपशान्तये ॥ अभीप्सितार्थसिद्ध्यर्थं पूजितो यः सुरासुरैः । सर्वविघ्नहरस्तस्मै गणाधिपतये नमः ॥ सर्वमङ्गलमाङ्गल्ये शिवे सर्वार्थसाधिके । शरण्ये त्र्यम्बके गौरि नारायणि नमोस्तु ते ॥ सर्वदा सर्वकार्येषु नास्ति तेषाममङ्गलम् । येषां हृदिस्थो भगवान् मङ्गलायतनं हरिः ॥ तदेव लग्नं सुदिनं तदेव ताराबलं चन्द्रबलं तदेव । विद्या-

१ બદ્ધાંજલી રહીને, આ શ્લોકો ભણવા.

बलं दैव बलं तदेव लक्ष्मीपते तेऽङ्घ्रियुगं स्मरा-
मि ॥ लाभस्तेषां जयस्तेषां कुतस्तेषां पराजयः ।
येषामिन्दीवरश्यामो हृदयस्थो जनार्दनः ॥ यत्र
योगीश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः । तत्र श्री-
र्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥ सर्वेष्वारम्भ-
कार्येषु त्रयस्त्रिभुवनेश्वराः । देवा दिशन्तु नः
सिद्धिं ब्रह्मेशानजनार्दनाः ॥ विनायकं गुरुं भानुं
ब्रह्मविष्णुमहेश्वरान् । सरस्वतीं प्रणौम्यादौ सर्वका-
र्यार्थसिद्धये ॥ "सङ्कल्पः"–[1]विष्णुर्विष्णुर्विष्णुः ।
श्रीमद्भगवतो महापुरुषस्य विष्णोराज्ञया प्रवर्त-
मानस्य अद्य ब्रह्मणः द्वितीय परार्द्धे श्रीश्वेतवारा-
हकल्पे वैवस्वतमन्वन्तरे अष्टाविंशतितमे कलौ
युगे प्रथमचरणे भारतवर्षे जम्बूद्वीपे आर्याव-

१ પછી જમણા હાથમાં અક્ષત સહિત જળ ગ્રહણ કરી નીચે પ્રમાણે ભણી સંકલ્પ કરવો.

र्तान्तर्गतब्रह्मावर्तैकदेशे श्रीगोदावर्याः पश्चिमदिग्भागे श्रीमल्लवणाब्धेरुत्तरे तीरे अस्मिन् वर्तमाने (अमुक)[१] श्रीशालीवाहनशाके (अमुक)[२] नाम्नि संवत्सरे (अमुक)[३] अयने (अमुक)[४] ऋतौ (अमुक)[५] मासे (अमुक)[६] पक्षे (अमुक)[७] तिथौ (अमुक)[८] वासरे (अमुक)[९] नक्षत्रे (अमुक)[१०] योगे (अमुक)[११] राशिस्थिते चन्द्रमसि (अमुक)[१२] राशिस्थे श्रीसवितरि (अमुक)[१३] राशिस्थे सुरगुरौ शेषेषु गृहेषु यथायथं राशिस्थानस्थितेषु एवं गुण-

૧ ક્રૌંસમાં લખેલા ' અમુક ' શબ્દના બદલે અહિ ચાલુ શાલીવાહન શકાંક બોલવો. ૨ ચાલતા સંવત્સરનું નામ કહેવું. ૩ અયનનુ નામ. ૪ ઋતુનું. ૫ માસનું. ૬ પક્ષનુ. ૭ તિથિનુ. ૮ વારનું. ૯ નક્ષત્રનું. ૧૦ યોગનું ૧૧ જે રાશીમાં ચંદ્ર ચાલતો હોય તે રાશીનું. ૧૨ જે રાશીનો સૂર્ય હોય તે રાશીનું ૧૩ જે રાશિનો બૃહસ્પતિ હોય તે રાશીનું.

विशेषेण विशिष्टायां शुभपुण्यतिथौ ममात्मनः श्रुतिस्मृत्युक्तफलप्राप्त्यर्थं ॐ भूर्भुवः स्वः श्री-(अमुक)[1] पञ्चायतनदेवताप्रीत्यर्थं यथाज्ञानेन यथामिलितोपचारैः पुरुषसूक्तेन ध्यानावाहनादिषोडशोपचारैः पूजनमहं करिष्ये ॥ तत्रादौ षडङ्गन्यासपूर्वकं कलशादिपूजनं च करिष्ये ॥[2]

" षडङ्गन्यासाः "—मनोजूतिरिति मन्त्रस्य बृह-

૧ વિષ્ણુ પંચાયતન, શિવપંચાયતન, સૂર્ય પંચાયતન, ગણપતિ પંચાયતન, તથા દેવિપંચાયતન, આ પાંચમાંથી જે પોતાના ઈષ્ટ દેવ હોય તેની પૂજા દરેક મનુષ્યે રાખવી અને તે પંચાયતનનું નામ અહીં બોલવું ૨ આટલું બોલી પુનઃ સંકલ્પનું જળ મૂકવું.

હવે પ્રસંગવશાત્ પંચાયતન દેવનું સ્થાપન કેવી રીતે કરવું તે નીચેના કોષ્ટકથી માલુમ પડશે. જે પંચાયતન હોય તેના મંડળમાં જે જે દેવને જે જે દિશામાં બતાવ્યા છે તે તે દેવને તે તે દિશામાં પૂજકે રાખવા. અન્યથા રાખી પુજન કરવું વૃથાથાય છે. (૨૯ મા પૃષ્ઠ માં).

ईशान. पूर्व દિશા. आग्नि.

उत्तर દિશા. — દક્ષિણ દિશા.

गणपतिपं०	सूर्यपञ्चायतन०	विष्णुपञ्चा० ।	शिवपञ्चा० ।	देवीपञ्चाय० ।
१	२	३	४	५
विष्णु । शिवः । गणपति । देवी । सूर्य ।	शिव । गणपतिः । सूर्य । देवी । विष्णु ।	शिव । गणपति. । विष्णु । देवी । सूर्यः ।	विष्णु । सूर्य. । शिव । देवी । गणपति ।	विष्णुः । शिव. । देवी । सूर्य. । गणपतिः ।
ગણપતિના ઉપાસકે, આ પ્રમાણે પંચદેવોને રાખીને પૂજન કરવું.	સૂર્યના ઉપાસકે, આ પ્રમાણે પંચદેવોને રાખીને પૂજન કરવું	વિષ્ણુના ઉપાસકે, આ રીતે પંચદેવોને રાખીને પૂજન કરવું.	શિવોપાસકે, આ પ્રકારે પંચ દેવોને રાખીને પૂજન કરવું.	દેવીના ઉપાસકે, આ રીતે પંચદેવને રાખીને પૂજન કરવું.

वायव्य. પશ્ચિમ દિશા. नैर्ऋत.

स्पतिर्ऋषिः । बृहस्पतिर्देवता । बृहती छन्दः । हृदयन्यासे जपे विनियोगः ॥ [1]ॐ मनो जूतिर्जुषतामाज्यस्य बृहस्पतिर्यज्ञमिमन्तनोत्त्वरिष्टं यज्ञꣳ समिमन्दधातु । विश्वेदेवा सऽइहमादयन्तामोꣳम्प्रतिष्ठ ॥ ४ ॥ ॐ हृदयाय नमः ॥ अबोध्यग्निरिति मन्त्रस्य बुधगविष्ठिरा ऋषिः । अग्निर्देवता । त्रिष्टुप् छन्दः । शिरोन्यासे जपे विनियोगः ॥ [2]ॐ अबोध्यग्निः समिधा जनानाम्प्रतिधेनुमिवायतीमुषासम् । यह्वाऽइव प्रवयामुज्जिहानाः प्रभानवः सिस्रते नाकमच्छ ॥ ५ ॥ ॐ शिरसे स्वाहा ॥ मूर्द्धानमिति मन्त्रस्य भरद्वाज ऋषिः । अग्निर्देवता । त्रिष्टुप् छन्दः । शिखान्यासे जपे विनियोगः ॥ [3]ॐ मूर्द्धानन्दिवोऽअरतिम्पृथिव्या वैश्वानरमृतऽ-

---

१ પોતાના હૃદય ઉપર જમણો હાથ રાખી આ મંત્ર ભણવો. ૨ મસ્તક ઉપર હાથ રાખી આ મંત્ર ભણવો. ૩ શિખા ઉપર હાથ રાખી ભણવો.

आजातमग्निम् । कवि ᳪ सम्राजमतिथिञ्जनानामा-
सन्ना पात्रञ्जनयन्त देवाः ॥६॥ ॐ शिखायै वषट् ॥
मर्माणि त इति मन्त्रस्य अप्रतिरथ ऋषिः । मर्माणि
देवता । विराट् छन्दः । कवचन्यासे जपे विनि-
योगः ॥ [1]ॐ मर्म्माणि ते वर्मणा छादयामि सो-
मस्त्वाराजा मृते नानुवस्ताम् । उरोर्वरीयो वरुण-
स्ते कृणोतु जयन्तंत्वानु देवा मदन्तु ॥ ७ ॥ ॐ
कवचाय हुम् ॥ विश्वतश्चक्षुरिति मन्त्रस्य विश्वक-
र्मा भौवनऋषिः । विश्वकर्मा देवता । त्रिष्टुप् छन्दः ।
नेत्रन्यासे जपे विनियोगः ॥ [2]ॐ विश्वतश्चक्षुरुत
विश्वतो मुखो विश्वतो बाहुरुतविश्वतस्पात् । स-
म्बाहुभ्यान्धमति सम्पतत्रैर्द्यावा भूमी जनयन्देवऽ-
एकः ॥ ८ ॥ ॐ नेत्रत्रयाय वौषट् ॥ मानस्तोक

---

१ બન્ને ભુજાઓ ઉપર હાથ રાખી ભણવો. ૨ નેત્ર ત્રય ઉપર આંગળીઓ રાખીને આ મંત્ર ભણવો.

इति मन्त्रस्य परमेष्ठी ऋषिः । एकरुद्रो देवता । जगती छन्दः । अस्त्रन्यासे जपे विनियोगः ॥ [1]ॐ मानस्तोके तनये मानऽआयुषि मानो गोषु मानोऽअश्वेषु रीरिषः । मानो वीरान्रुद्र भामिनो वधीर्हविष्मन्तः सदमित्वा हवामहे ॥ ९ ॥ ॐ अस्त्राय फट् ॥ " कलशपूजनम् "—[2]ॐ तत्वा यामि ब्रह्मणा वन्दमानस्तदाशास्ते यजमानो हविर्भिः । अहेडमानो वरुणेह बोध्युरुश ँ् समानऽआयुः प्रमोषीः ॥ १० ॥ अस्मिन्कलशे वरुणं साङ्गं सपरिवारं सायुधं सशक्तिकमावाहयामि । ॐ भूर्भुवः स्वः कलशस्थितापाम्पतये नमः सर्वो-

---

૧ આ મંત્ર ભણી અસ્ત્રન્યાસ (પોતાના જમણા હાથની ચપટી વગાડતાં મસ્તકની ચારે બાજુ તે હાથ ફેરવવો.) કરવો. ૨ પછી પૂજા કરવા માટે જળ લેવાને જે સ્વચ્છ જળનો કલશ ભરેલો હોય તેમાં આ મંત્ર ભણી વરુણનું આવાહન કરી ગંધાક્ષતથી પૂજન કરવું.

पचारार्थं गन्धाक्षतपुष्पाणि समर्पयामि ॥ पश्चात्तदुदकेन आत्मानं पूजनद्रव्याणि च गायत्रीमन्त्रेण प्रोक्षयेत्[1] ॥ "शङ्खपूजनम्"—[2]ॐ अग्निर्ऋषिः पवमानः पाञ्चजन्यः पुरोहितः । तमीमहे महाग-यम् ॥ ११ ॥ ॐ भूर्भुवः स्वः शंखस्थितदेवाय नमः सर्वोपचारार्थं गन्धाक्षतपुष्पाणि समर्पया-मि॥ "घण्टापूजनम्"—[3]ॐ सुपर्णोऽसि गरुत्माँ-स्त्रिवृत्ते शिरो गायत्रञ्चक्षुर्बृहद्रथन्तरे पक्षौ । स्तो-मऽआत्मा छन्दा ᳪ स्यङ्गानि यजू ᳪ षि नाम । सा-म ते तनूर्वामदेव्यं यज्ञा यज्ञियम्पुच्छान्धिष्ण्याः शफाः । सुपर्णोऽसि गरुत्मान्दिवं गच्छ स्वः पत

---

(१) પછી તે પૂજીત કલશના જલ વડે ગાયત્રી મંત્ર ભણીને, પોતાના શરીર ઉપર તથા પૂજાના સાહિત્યનુ પ્રોક્ષણ્ કરવુ (છાંટવુ.) (૨) આ મંત્ર ભણી, ચંદન—અક્ષત અને પુષ્પવડે શંખનું પૂજન કરવું અને તેમાં જળ ભરવું. (૩) આ મંત્ર ભણી ઘંટાનું પૂજન કરવું. ઘંટાનું પૂજન કર્યા પહેલાં ઘંટાનાદ કરવો

॥ १२ ॥ ॐ भूर्भुवः स्वः घण्टास्थिताय गरुडाय नमः सर्वोपचारार्थं गन्धाक्षतपुष्पाणि समर्पयामि ॥ "दीपपूजनम्"—[1]ॐ अग्निर्ज्योतिर्ज्योतिरग्निः स्वाहा सूर्य्यो ज्योतिर्ज्योतिः सूर्यः स्वाहा। अग्निर्वर्च्चो ज्योतिर्वर्च्चः स्वाहा सूर्य्यो वर्च्चो ज्योतिर्वर्च्चः स्वाहा। ज्योतिः सूर्य्यः सूर्य्यो ज्योतिः

[1] આ મંત્ર ભણી, દીપનું પૂજન કરવું સર્વત્ર નમસ્કાર કરવા ચૂકવું નહિ. હવે પંચાયતન દેવતાના ધ્યાનના પ્રથક્ પ્રથક્ મંત્રો અત્રે આપીએ છીએ. તેમાંથી પૂજકે, પોતાના જે ઇષ્ટ પંચાયતન દેવ હોય તેનું પ્રથમ તે તે મંત્રોથી ધ્યાન કરી, પછી ષોડશોપચાર પૂજનનો આરંભ કરવો.

"सूर्यध्यानम्"—ध्येयः सदा सवितृमण्डलमध्यवर्ती नारायणः सरसिजासनसन्निविष्टः। केयूरवान्मकरकुण्डलवान्किरीटी हारी हिरण्मयवपुर्धृतशङ्खचक्रः ॥ ॐ सूर्य्य रश्मिर्हरिकेशः पुरस्तात्सविता ज्योतिरुदया ँ२ अजस्रम्। तस्य पूषा

स्वाहा ॥ १३ ॥ ॐ भूर्भुवः स्वः दीपस्थितदेवाय प्रसवे याति विद्वान्सम्पश्यन्विश्वा भुवनानि गोपाः ॥

"गणपतिध्यानम्"—श्वेताङ्गं श्वेतवस्त्रं सितकुसुमगणैः पूजितं श्वेतगन्धैः क्षीराब्धौ रत्नदीपैः सुरनरतिलकं रत्नसिंहासनस्थम् । दोर्भिः पाशाङ्कुशाब्जाभयवरमनसं चन्द्रमौलिं त्रिनेत्रं ध्यायेच्छान्त्यर्थमीशं गणपतिममलं श्रीसमेतं प्रसन्नम् ॥ ॐ नमो गणेभ्यो गणपतिभ्यश्च वो नमो नमो व्रातेभ्यो व्रातपतिभ्यश्च वो नमो नमो गृत्सेभ्यो गृत्सपतिभ्यश्च वो नमो नमो विरूपेभ्यो विश्वरूपेभ्यश्च वो नमो नमः सेनाभ्यः ॥

"विष्णुध्यानम्"—सशंखचक्रं सकिरीटकुण्डलं सपीतवस्त्रं सरसीरुहेक्षणम् । महारवक्षःस्थलकौस्तुभश्रियं नमामि विष्णुं शिरसा चतुर्भुजम् ॥ ॐ विष्णोरराटमसि विष्णोः श्नप्त्रेस्थो

नमः गन्धाक्षतपुष्पाणि समर्पयामि ॥

विष्णोः स्यूरसि विष्णोर्ध्रुवोसि । वैष्णवमसि विष्णवे त्वा ॥

"शिवध्यानम्"—ध्यायेन्नित्यं महेशं रजतगिरिनिभं चारुचन्द्रावतंसं रत्नाकल्पोज्वलाङ्गं परशुमृगवराभीतिहस्तं प्रसन्नम् । पद्मासीनं समन्तात्स्तुतममरगणैर्व्याघ्रकृत्तिं वसानं विश्वाद्यं विश्ववन्द्यं निखिलभयहरं पञ्चवक्त्रं त्रिनेत्रम् ॥ ॐ नमस्ते रुद्र मन्यवऽउतोतऽइषवे नमः बाहुभ्यामुत ते नमः॥

"देवीध्यानम्"—श्यामाङ्गीं शशिशेखरां निजकरैर्दानं च रक्तोत्पलं रत्नाढ्यं कलशं परं भयहरं सम्बिभ्रतीं शाश्वतीम् । मुक्ताहारलसत्पयोधरनतां नेत्रत्रयोल्लासिनीं ध्यायेयं सुरपूजितं हरवधूं रक्तारविन्दस्थिताम् ॥ ॐ मनसः काममाकूतिं वाचः सत्यमशीय। पशूनाꣳ रूपमन्नस्य रसो यशः श्रीः श्रयताम्मयि स्वाहा ॥

(अथ पुरुषसूक्तमन्त्रैः षोडशोपचारपूजनारम्भः[1] ।)

"आवाहनम्"—[2]ॐ सहस्रशीर्षा पुरुषः सहस्राक्षः सहस्रपात् । स भूमिँ सर्वतस्पृत्वात्यतिष्ठद्दशाङ्गुलम् ॥ १४ ॥ ॐ भूर्भुवः स्वः श्री-(अमुक) पञ्चायतनदेवेभ्यो नमः आवाहनपूर्वकं ध्यानं समर्पयामि ॥ "आसनम्" [3]ॐ पुरुषऽ एवेदँ सर्वं यद्भूतं यच्च भाव्यम् । उतामृतत्वस्येशानो यदन्नेनातिरोहति ॥ १५ ॥ ॐ भूर्भुवः

(૧) આ પ્રમાણે ઇષ્ટ પંચાયતન દેવનું ધ્યાન કરી પછી આગળ પ્રમાણે પુરુષ સૂક્તના મંત્રોથી ષોડશોપચાર પૂજનનો આરંભ કરવો. પંચાયતન દેવની પૂજા માટે પુરુષ સૂક્તના મંત્રો સર્વને એક સમાનજ છે.

(૨) પછી હાથમાં પુષ્પ ગ્રહણ કરીને આ મંત્ર ભણતાં અનન્તર છેવટે 'સમર્પયામિ' સુધી બોલી ને પુષ્પ દેવને અર્પણ કરવું. દરેક ઉપચાર અર્પણ કરવામાં જે કૌંસમાં (   ) 'અમુક' પદ છે ત્યાં પોતાના જે ઇષ્ટ પંચાયતન હોય તેનું નામ સર્વત્ર બોલવાને ધ્યાન દેવું.

(૩) આ મંત્ર ભણી, આસનના અભાવમાં અક્ષત અર્પણ કરવા.

स्वः श्री (अमुक) पञ्चायतनदेवेभ्यो नमः आसनं समर्पयामि ॥ "पाद्यम्"—[3]ॐ एतावानस्य महिमातो ज्यायाँश्च पूरुषः। पादोस्य विश्वा भूतानि त्रिपादस्यामृतन्दिवि ॥ १६ ॥ ॐ भूर्भुवः स्वः श्री-(अमुक) पञ्चायतनदेवेभ्यो नमः पादयोः पाद्यं समर्पयामि ॥ "अर्घ्यम्"—[4]ॐ त्रिपादूर्ध्व उदैत्पुरुषः पादोस्येहा भवत्पुनः। ततो विष्वङ्व्यक्रामत्साशनानशने अभि ॥ १७ ॥ ॐ भूर्भुवः स्वः श्री (अमुक) पञ्चायतनदेवेभ्यो नमः हस्तयोरर्घ्यं समर्पयामि ॥ "आचमनीयम्"—[5]ॐ ततो विराडजायत विराजो अधिपूरुषः स जातो अत्यरिच्यत पश्चाद्भूमिमथो पुरः ॥ १८ ॥ ॐ

---

(૩)આ મંત્ર ભણીને શુદ્ધ જળ દેવના ચરણ ઉપર ચઢાવવું (૪) આ મંત્ર ભણીને, ચંદન, અક્ષત, અને પુષ્પ યુક્ત જળ દેવના હાથમાં અર્પણ કરવું. (૫) શુદ્ધ જળનું આચમન આપવું,

भूर्भुवः स्वः श्री (अमुक) पञ्चायतनदेवेभ्यो नमः आचमनीयं समर्पयामि ॥ “ स्नानम् ”—[६]ॐ तस्माद्यज्ञात्सर्वहुतः सम्भृतं पृषदाज्यम् । पशूस्ताश्चक्रे वायव्यानारण्यान्ग्राम्यांश्च ये ॥ १९ ॥ ॐ भूर्भुवः स्वः श्री (अमुक) पञ्चायतनदेवेभ्यो नमः स्नानं समर्पयामि ॥ [७][“ अथ पञ्चामृतस्नानम् । प्रथमं पयःस्नानम् ”— [८]“ ॐ पयः पृथिव्यामपयऽओषधीषु पयो दिव्यन्तरिक्षे पयोधाः । पयस्वन्तीः प्रदिशः सन्तु मह्यम् ॥ २० ॥ ॐ भूर्भुवः स्वः श्री (अमुक) पञ्चायतनदेवेभ्यो नमः पयःस्नानं समर्पयामि ।

६ સ્નાનાર્થે શુદ્ધ જળ ચઢાવવું. ૭ આ સમય જો અનુકૂળતા હોય તો દૂધ, દહિ મધ, ઘી, તથા ખાંડ, આ પંચામૃત વડે દેવને આગળ લખેલા મંત્રો ભણી પૃથક્ પૃથક્ સ્નાન કરાવવું ૮ આ મંત્ર ભણી દુધથી સ્નાન કરાવવું

[9]शुद्धोदकस्नानं समर्पयामि । [10]आचमनं समर्पयामि ॥ "दधिस्नानम्" [11]ॐ दधिक्राव्णोऽअकारिषाञ्जिष्णोरश्वस्य वाजिनः । सुरभिनो मुखाकरत्प्रणऽआयूꣳषि तारिषत् ॥ २१ ॥ ॐ भूर्भुवः स्वः श्री (अमुक) पञ्चायतनदेवेभ्यो नमः दधिस्नानं समर्पयामि ॥ शुद्धोदकस्नानं समर्पयामि । आचमनीयं समर्पयामि ॥ "घृतस्नानम्"—[12]ॐ घृतम्मिमिक्षे । घृतमस्य योनिर्घृते श्रितो घृतम्वस्य धाम । अनुष्वधमावह मादयस्व स्वाहा कृतं वृषभ वक्षि हव्यम् ॥ २२ ॥ ॐ भूर्भुवः स्वः श्री (अमुक) पञ्चायतनदेवेभ्यो नमः घृतस्नानं समर्पयामि ॥ शुद्धोदकस्नानं समर्पयामि । आ-

૯ પછી શુદ્ધોદક સ્નાન માટે જળ ચઢાવવું. ૧૦ અને આચમનાર્થે જળ અર્પણ કરવુ. પચામૃતના દરેક પદાર્થ પછી આ શુદ્ધોદક સ્નાન તથા આચમન અર્પણ કરવાનુ છે તે પૂજકે, ધ્યાનમાં રાખવુ. ૧૧ આ મત્ર ભણીને દધિસ્નાન કરાવવુ. ૧૨ આ મંત્રભણી, ઘૃતસ્નાન કરાવવુ.

चमनीयं समर्पयामि॥ " मधुस्नानम् "–[२]ॐ मधु वाताऽऋतायते मधुक्षरन्ति सिन्धवः । माध्वीर्नः सन्त्वोषधीः ॥२३॥ मधुनक्तमुतोषसो मधु मत्पार्थिव ँ रजः मधु द्यौरस्तु नः पिता ॥ २४ ॥ मधुमान्नो वनस्पतिर्मधुमाँ २ अस्तु सूर्यः । माध्वीर्गावो भवन्तु नः ॥ २५ ॥ ॐ भूर्भुवः स्वः श्री-(अमुक) पञ्चायतनदेवेभ्यो नमः मधुस्नानं समर्पयामि। शुद्धोदकस्नानं समर्पयामि । आचमनीयं समर्पयामि॥ " शर्करास्नानम् "—[३]ॐ अपा ँ रसमुद्वयस ँ सूर्ये सन्त ँ समाहितम् । अपा ँ रसस्य यो रसस्तंवो गृह्णाम्युत्तममुपयाम गृहीतो सीन्द्राय त्वा जुष्टङ्गृह्णाम्येषते योनिरिन्द्राय त्वा जुष्टतमम् ॥ २६ ॥ ॐ भूर्भुवः स्वः श्री (अमुक)-

२ આ મંત્ર ભણી મધુ–મધનું સ્નાન કરાવવું ૩ આ મંત્ર ભણી, શર્કરા દેશી ખાંડનું સ્નાન કરાવવું

पञ्चायतनदेवेभ्यो नमः शर्करास्नानं समर्पयामि । शुद्धोदकस्नानं समर्पयामि । आचमनीयं समर्पयामि ॥ " षष्ठं गन्धोदकस्नानम् "—[4]ॐ गन्धद्वारां दुराधर्षां नित्यपुष्टां करीषिणीम् । ईश्वरीं सर्वभूतानां तामिहोपह्वये श्रियम् ॥ २७ ॥ ॐ भूर्भुवः स्वः श्री (अमुक) पञ्चायतनदेवेभ्यो नमः गन्धोदकस्नानं समर्पयामि । आचमनीयं समर्पयामि ॥ " उद्वर्तनस्नानम् "—[5]ॐ अꣳशुना ते अꣳशुः पृच्यतां परुषा परुः । गन्धस्ते सोममवतु मदाय रसोऽअच्युतः ॥ २८ ॥ ॐ भूर्भुवः स्वः श्री- (अमुक) पञ्चायतनदेवेभ्यो नमः उद्वर्तनस्नानं समर्पयामि । शुद्धोदकस्नानं समर्पयामि । आच-

४ सुगंध चंदनयुक्त जળ वडे स्नान कराववुं. ५ पछी हळिद्रा अने तेल—अत्तर आदि सुगंधी पदार्थ जळमां मेळवी ते वडे आ मंत्र भणीने स्नान कराववुं.

मनीयं समर्पयामि ॥ [1]अनन्तरं " पञ्चामृतस्नानाङ्ग-पूजा "—[2]ॐ भूर्भुवः स्व श्री (अमुक) पञ्चायतन-देवेभ्यो नमः वस्त्राभावेऽक्षतान् समर्पयामि । य-ज्ञोपवीतार्थमक्षतान् समर्पयामि । गन्धं समर्पयामि। पुष्पाणि समर्पयामि । धूपं समर्पयामि । दीपं समर्पयामि । नैवेद्यं समर्पयामि ।

૧ વિશેષ સૂચના—જો કદાપિ પંચાયતનના પાંચ દેવો પૃથક્ પૃથક્ ન હોય અને એકત્ર રાખેલા હોય તો આ નિચે લખેલા મંત્ર ભણીને તે પંચામૃતથી સ્નાન કરાવી પછી આગળનો વિધિ યોક્ત કરો

"पञ्चामृतस्नानमन्त्रः "—ॐ पञ्च नद्यः स-रस्वतीमपियन्ति स स्रोतसः । सरस्वती तु पञ्चधा सो देशे भवत्सरित् ॥ ॐ भूर्भुवः स्वः श्री (अमुक) पञ्चायतनदेवेभ्यो नमः पञ्चामृतस्नानं समर्पयामि। शुद्धोदकस्नानं समर्पयामि । आचमनीयं स-मर्पयामि ॥

૨ પછી, નામ મંત્રથીજ સંક્ષેપત પૂજન કરવું તે બતાવ્યા પ્રમાણે.

मुखवासार्थं पूगीफलताम्बूलहिरण्यदक्षिणाः समर्पयामि। प्रदक्षिणाः समर्पयामि। मंत्रपुष्पाञ्जलिसहितं नमस्कारं समर्पयामि। "अर्पणम्"—[2]अनेन पंचामृतादिस्नानाङ्गभूतपूजनकर्मणा ॐ भूर्भुवः स्वः श्री (अमुक) पञ्चायतनदेवाः प्रीयन्तां न मम॥

[3]निर्माल्यमुत्तरे विसृज्य। पुनश्च गन्धाक्षतपुष्पाणि समर्प्याभिषेकपात्रे जलं प्रपूर्य च पुरुषसूक्तेनाभिषेकः कार्यः॥

"अभिषेकः"—[4]ॐ सहस्रशीर्षा० ॥ २९ ॥ [5]पुरुष० ॥ ३० ॥ [6]एतावान० ॥ ३१ ॥ [7]त्रिपाद्० ॥ ३२ ॥ [8]ततो विराड० ॥ ३३ ॥ [9]तस्माद्य-

२ અર્પણ કરવુ---જળ મુકવુ ૩ પછી, જે દેવ ઉપર નિર્માલ્ય હોય તેને ઉતારીને ઉત્તર દિશા તરફ નાખવુ પશ્ચાત્ દેવને ગંધ-અક્ષત-પુષ્પ ચઢાવવાં અને પછી અભિષેક પાત્રમાં-(અવચ્છિન્નધારા પાત્રમાં) જળ ભરીને આગળ લખ્યા પ્રમાણે પુરૂષસૂક્તથી અભિષેક કરવો અભિષેક પાત્રની પણ ચંદન-અક્ષત-પુષ્પથી પૂજા કરવી અભિષેક કરતી વખતે ઘંટાનાદ કરવો સ્નાન, ધૂપ, દીપ, નૈવેદ્ય અને આરાર્તિક્ય એ સમયમાં ઘંટાનાદ કરવાનું ધ્યાન રાખવુ. ૪ આજ વિષયમાં આવેલો ૧૪ મંત્ર જુઓ ॥ ૫ ૧૫ મંત્ર જુઓ !! ૬ ૧૬ મંત્ર ૭ ૧૭ મંત્ર ૮ ૧૮ મંત્ર. ૯ ૧૯ મંત્ર

ज्ञा० ॥ ३४ ॥ तस्माद्यज्ञात्सर्वहुतऽऋचः सामानि
जज्ञिरे । छन्दाᳬसि जज्ञिरे तस्माद्यजुस्तस्मादजा-
यत ॥ ३५ ॥ तस्मादश्वाऽअजायन्त ये के चो-
भयादतः । गावो ह जज्ञिरे तस्मात्तस्माज्जाताऽअ-
जावयः ॥ ३६ ॥ तं यज्ञम्बर्हिषि प्रौक्षन्पुरुषञ्जातम-
ग्रतः । तेन देवाऽअयजन्त साध्याऽऋषयश्च ये
॥ ३७ ॥ यत्पुरुषं व्यदधुः कतिधा व्यकल्पयन् ।
मुखं किमस्यासीत् किम्बाहू किमूरू पादाऽउच्येते
॥ ३८ ॥ ब्राह्मणोस्य मुखमासीद्बाहू राजन्यः कृतः ।
ऊरू तदस्य यद्वैश्यः पद्भ्याᳬशूद्रोऽअजायत
॥ ३९ ॥ चन्द्रमा मनसो जातश्चक्षोः सूर्योऽअजायत ।
श्रोत्राद्वायुश्च प्राणश्च मुखादग्निरजायत ॥ ४० ॥
नाभ्याऽआसीदन्तरिक्षᳬशीर्ष्णो द्यौः समवर्तत ।
पद्भ्याम्भूमिर्दिशः श्रोत्रात्तथा लोकाँ२ऽअकल्पयन्
॥ ४१ ॥ यत्पुरुषेण हविषा देवा यज्ञमतन्वत ।

वसन्तो स्यासीदाज्यङ्ग्रीष्मऽइध्मः शरद्धविः ॥४२॥ सप्तास्यासन्परिधयस्त्रिः सप्त समिधः कृताः देवा यद्यज्ञन्तन्वानाऽअबध्नन्पुरुषम्पशुम् ॥ ४३ ॥ यज्ञेन यज्ञमयजन्त देवास्तानि धर्माणि प्रथमान्यासन् । ते ह नाकम्महिमानः सचन्त यत्र पूर्वे साध्याः सन्ति देवाः ॥ ४४ ॥ [1] ❀ ❀ ❀ ॥

[2] ॐ द्यौः शान्तिरन्तरिक्षᳬं शान्तिः पृथिवी शान्तिरापः शान्तिरोषधयः शान्तिः वनस्पतयः शान्तिर्विश्वे देवाः। शान्तिर्ब्रह्म शान्तिः सर्वᳬं शान्तिः शान्तिरेव शान्तिः सा मा शान्तिरेधि ॥४५॥ यतो यतः समीहसे ततो नोऽअभयङ्कुरु । शन्नः कुरु प्रजाभ्योऽभयन्नः पशुभ्यः ॥४६॥ सर्वेषं वाऽएष

---

१ આ પ્રમાણે પુરૂષસૂક્ત ભણીને પછી પ્રથમ શંખમાં જે જળ ભરેલું હોય તે, નીચે બતાવેલા મંત્ર ભણી તે તે દેવને ચઢાવવું.

वेदाना ँ रन्धो यत्साम सर्वेषामेवेनमेतद्वेदान। ँ रसेनाभिषिञ्चति ॥४७॥ ॐ शान्तिः शान्तिः शान्तिः । सुशान्तिर्भवतु । सर्वारिष्टशान्तिर्भवतु । अमृताभिषेकोऽस्तु॥ॐ भुर्भुवः स्वः श्री (अमुक)- पञ्चायतनदेवेभ्यो नमः अभिषेकं समर्पयामि ॥

ગણપતિ પચાયતન હોય તો.

ॐ गणानान्त्वा गणपति ँ हवामहे प्रियाणान्त्वा प्रियपति ँ हवामहे निधीनान्त्वा निधिपति ँ हवामहे वसो मम। आह मजानि गर्भधमात्वमजासि गर्भधम् ॥

સૂર્ય પંચાયતન હોય તો,

ॐ आकृष्णेन रजसा वर्तमानो निवेशयन्न-मृतं मर्त्यञ्च । हिरण्ययेन सविता रथेना देवो याति ँ वनानि पश्यन् ॥

¹पश्चाद्देवतीर्थं धृत्वा । केशवाय नमः स्वाहेत्यादि नामत्रयेण देवेभ्यस्त्रिवारमाचमनं देयम् ॥ " वस्त्रम् "

विष्णु पंचायतन होय तो,

ॐ इदं विष्णुर्विचक्रमे त्रेधा निदधे पदम् समूढमस्य पा ँ सुरे स्वाहा ॥

शिव पंचायतन होय तो,

ॐ नमः शम्भवाय च मयो भवाय च नमः शङ्कराय च मयस्कराय च नमः शिवाय च शिवतराय च ॥

देवी पंचायतन होय तो,

ॐ अम्बेऽअम्बिकेऽम्बालिके न मा नयति कश्चन। स सस्त्यश्व कः सुभद्रिकां काम्पीलवासिनीम् ॥

२ પછી અભિષેક પાત્રીમાં જે જળ હોય તે, આ મંત્રો ભણીને દેવ ઉપર ચઢાવી દેવું. ૩ પછી દેવનું તીર્થ-(ચરણામૃત) જૂદા પાત્રમાં રાખી લેવું. તે ભોજન કરવા સમયે પ્રથમ પીવાનું છે. પછી '**ॐ केशवाय नमः स्वाहा**' એ આદિ ત્રણ મંત્ર ભણી, દેવને ત્રણવાર આચમનાર્થે જળ મૂકવું. આ પ્રમાણે, વસ્ત્ર, યજ્ઞોપવીત અને નૈવેદ્યના પછી પણ દેવને આચમનીય જળ આપવાને ચૂકવું નહિ.

[1]ॐ तस्माद्यज्ञात्सर्वहुतऽऋचः सामानि० ॥ ४८ ॥ ॐ भूर्भुवः स्वः श्री (अमुक) पंचायतनदेवेभ्यो नमः वस्त्रं (तदभावे अक्षतान्) समर्पयामि । आचमनीयं समर्पयामि ॥ "यज्ञोपवीतम्" [2]ॐ तस्मादश्वाऽअजायन्त० ॥ ४९ ॥ ॐ भूर्भुवः स्वः श्री (अमुक) पंचायतनदेवेभ्यो नमः यज्ञोपवीतं (तदभावे अक्षतान्) समर्पयामि । आचमनीयं समर्पयामि। "गन्धम्" [3]ॐ तं यज्ञम्बर्हिषि० ॥५०॥ ॐ भूर्भुवः स्वः श्री (अमुक) पञ्चायतन-

१ આ વિષયમાં આવેલો ૩૫ મો મંત્ર જુઓ. આ મંત્ર ભણી, વસ્ત્ર અર્પણ કરવું. વસ્ત્ર ન હોય તો તેને બદલે અક્ષત ચઢાવવા. પછી આચમનીય જળ મૂકવું. ૨ ૩૬ મંત્ર આ મંત્ર ભણીને યજ્ઞોપવીત (જનોઇ) અર્પણ કરવું. તેના અભાવમાં અક્ષત ચઢાવવા. પછી આચમનીય જળ મૂકવું. ૩ ૩૭ મંત્ર. અનામિકા તથા અંગુષ્ટવડે ચંદન અર્પણ કરવું

देवेभ्यो नमः गन्धं समर्पयामि ॥ [" अक्षताः "[४] ॐ अक्षन्नमीमदन्त ह्यव प्रियाऽअधूषत । अस्तोषत स्वभानवो विप्रा न विष्ठयामती यो जान्विन्द्रते हरी ॥५१॥ ॐ भूर्भुवः स्वः श्री (अमुक) पञ्चायतनदेवेभ्यो नमः अक्षतान् समर्पयामि ॥] "पुष्पाणि "[५] ॐ यत्पुरुषं० ॥५२॥ ॐ भूर्भुवः स्वः श्री (अमुक) पञ्चायतनदेवेभ्यो नमः पुष्पाणि सम-

---

૪ આ મંત્ર ભણીને, અક્ષત ચઢાવવા. વિશેષ—વિષ્ણુને અક્ષત ચઢાવવા નહિ.

(૫) ૩૮ મંત્ર પુષ્પ અર્પણ કરવા. **વિશેષ**- આ સમયે પંચાયતન દેવને પૃથક્ પૃથક્ પુષ્પાદિ ચઢાવવું હોય તો નીચે લખેલા મંત્રોથી ચઢાવવુ

સૂર્યનારાયણને કણેરના રાતાં પુષ્પો અર્પણ કરવાનો મંત્ર.

ॐ सविता त्वा सवना ᳪ सुवतामग्निर्गृहपतीना ᳪ सोमो वनस्पतीनाम् । बृहस्पतिर्वाचऽ इन्द्रो ज्यैष्ठ्याय रुद्रः पशुभ्यो मित्रः सत्यो वरुणो घर्मपतीनाम् ॥

र्पयामि ॥ ["सौभाग्यद्रव्यम्" ६ ॐ अहिरिव

ગણપતિને દુર્વા-ધરો ચઢાવવાનો મંત્ર.

ॐ काण्डात्काण्डात्प्ररोहन्ती परुषः परुष-स्परि । एवा नो दूर्वे प्रतनु सहस्रेण शतेन च ॥

વિષ્ણુને તુલસીદળ ચઢાવવાનો મંત્ર

ॐ विष्णोः कर्माणि पश्यत यतो व्रतानि पस्पशे । इन्द्रस्य युज्यः सखा ॥

શિવને બિલ્વદલાર્પણ કરવાનો મંત્ર.

ॐ शिवो भव प्रजाभ्यो मानुषीभ्यस्त्वम-ङ्गिरः । मा द्यावा पृथिवीऽअभिशोचीर्मान्तरिक्षं मा वनस्पतीन् ॥

દેવીને પુષ્પ ચઢાવવાનો મંત્ર

ॐ श्रीश्चते लक्ष्मीश्च पत्न्यावहोरात्रे पार्श्वे नक्षत्राणि रूपमश्विनौ व्यात्तम् । इष्णन्निषाणामु-म्मऽइषाण सर्वलोकम्मऽइषाण ॥

६ આ મંત્ર ભણીને, અબીલ-ગુલાલ-સીંદુર ઇત્યાદિ-સૌભાગ્ય-દ્રવ્ય ચઢાવવું.

भोगैः पर्य्येति बाहुंर्ज्याया हेतिम्परिबाधमानः । हस्तघ्नो व्विश्वा व्वयुनानि विद्वान्पुमान्पुमाँ॒सम्परिपातु विश्वतः ॥५३॥ ॐ भूर्भुवः स्वः श्री (अमुक) पञ्चायतनदेवेभ्यो नमः सौभाग्यद्रव्यं समर्पयामि ॥] "धूपः"[7] ॐ ब्राह्मणोस्य० ॥५४॥ ॐ भूर्भुवः स्वः श्री (अमुक) पञ्चायतनदेवेभ्यो नमः धूपमाघ्रापयामि ॥ "दीपः"[8] ॐ चन्द्रमा० ॥५५॥ ॐ भूर्भुवः स्वः श्री (अमुक) पञ्चायतनदेवेभ्यो नमः दीपं दर्शयामि ॥ "नैवेद्यम्"[9] ॐ नाभ्याऽआसीदंतरिक्ष० ॥५६॥ ॐ भूर्भुवः स्वः श्री (अमुक) पञ्चायतनदेवेभ्यो नमः नैवेद्यं समर्पयामि ॥[10] (धेनुमुद्रयाऽमृतीकृत्य)[11] ॐ प्राणाय

७ ૩૯ મંત્ર ધૂપ કરવો. ૮ ૪૦ મંત્ર. ઘીનો દીવો કરવો. ૯ ૪૧ મંત્ર. નૈવેદ્ય ધરવું. ૧૦ ધેનુ મુદ્રા (આ મુદ્રા કોઈ વિદ્વાનદ્વારા શીખી લેવી.) કરવી. ૧૧ પછી આ પ્રમાણે પંચ પ્રાણાહુતિથી દેવને જમાડવા.

स्वाहा । ॐ अपानाय स्वाहा । ॐ व्यानाय स्वाहा । ॐ उदानाय स्वाहा । ॐ समानाय स्वाहा ॥ नैवेद्यमध्ये पानीयम्[1]। उत्तरापोशनम्[2] । हस्तप्रक्षालनम्[3] । मुखप्रक्षालनम्[4]। आचमनीयं समर्पयामि ॥ [5]करोद्वर्तनार्थे चन्दनं समर्पयामि ॥ "मुखवासार्थं ताम्बूलम्—" [6]ॐ यत्पुरुषेण० ॥५७॥ ॐ भूर्भुवः स्वः (अमुक) पञ्चायतनदेवेभ्यो नमः मुखवासार्थं ताम्बूलं समर्पयामि ॥ ["फलम्—"[7] ॐ याः फलिनीर्याऽअफलाऽअपुष्पा याश्च पुष्पिणीः । बृहस्पतिप्रसूतास्तानो मुञ्चन्त्व ँ हसः ॥५८॥ ॐ भूर्भुवः

---

१ पछी, भोजनना मध्यमां पीवाने माटे जळ अर्पण करवुं. २ उत्तरापोशनार्थे जळ मूकवुं. ३ हस्त प्रक्षालनार्थे जळ मूकवुं. ४ मुख प्रक्षालनार्थे जळ मूकवुं. ५ आचमनार्थे जळ मूकवुं अने हस्त सुगंधी माटे चंदन अर्पण करवुं. ६ ४२ मंत्र. मुखवासार्थे तांबूल अर्पण करवुं. ७ आ मंत्र भणीने, पूगीफल (सोपारी) अर्पण करवुं.

स्वः श्री (अमुक) पञ्चायतनदेवेभ्यो नमः फलं समर्पयामि ॥ "दक्षिणा—"[८] ॐ हिरण्यगर्भः समवर्त्तताग्रे भूतस्य जातः पतिरेकऽआसीत् । सदाधार पृथिवीन्द्यामुते माङ्कस्मै देवाय हविषा विधेम ॥५९॥ ॐ भूर्भुवः स्वः श्री (अमुक) पञ्चायतनदेवेभ्यो नमः दक्षिणां समर्पयामि ॥ "कर्पूरारार्तिक्यम् ।"[९] ॐ इद ँ हविः प्रजननम्मेऽअस्तु दशवीर ँ सर्वगण ँ स्वस्तये आत्मसनि प्रजासनि पशुसनि लोकसन्यभयसनि । अग्निः प्रजाम्बहुलाम्मे करोत्वन्नम्पयो रेतोऽअस्मासु धत्त ॥६०॥ ॐ भूर्भुवः स्वः श्री (अमुक) पञ्चायतनदेवेभ्यो नमः कर्पूरारार्तिक्यदीपं दर्शयामि]

---

८ આ મંત્ર ભણીને, દક્ષિણા અર્પણ કરવી ९ આ મંત્ર ભણીને આરતી ઉતારવી.

"प्रदक्षिणा—" [10] "ॐ समास्यासन्परिधय०॥६१॥ ॐ भूर्भुवः स्वः श्री (अमुक) पञ्चायतनदेवेभ्यो नमः प्रदक्षिणां समर्पयामि ॥ "मन्त्रपुष्पाञ्जलिः" [11] "ॐ यज्ञेन यज्ञमयजन्त० ॥६२॥ ॐ भूर्भुवः स्वः

૧૦ ૬૧ મંત્ર પ્રદક્ષિણા કરવી. ૧૧ ૬૨ મંત્ર મંત્ર પુષ્પાંજલી અર્પણ કરવી આ મંત્રના આગળ નીચેના મંત્રો ભણાય છે

ॐ राजाधिराजाय प्रसह्य साहिने नमो वयं वैश्रवणाय कुर्महे स मे कामान्कामकामाय मह्यम्। कामेश्वरो वैश्रवणो ददातु कुबेराय वैश्रवणाय महाराजाय नमः ॐ स्वस्ति । साम्राज्यं भौज्यं स्वाराज्यं वैराज्यं पारमेष्ठ्यं राज्यं महाराज्यमाधिपत्यमयं समन्तपर्यायी स्यात्सार्वभौमः सार्वायुष आन्तादापरार्धात् । पृथिव्यै समुद्रपर्यन्ताया एकराडिति तदप्येषः श्लोकोऽभिगीतो । मरुतः परिवेष्टारो मरुत्तस्यावसन्गृहे । आविक्षितस्य कामप्रेर्वि-

श्री (अमुक) पञ्चायतनदेवेभ्यो नमः मन्त्रपुष्पाञ्जलिं समर्पयामि ॥ "क्षमापनम्" [12] आवाहनं न जानामि न जानामि तवार्चनम् । पूजनञ्च न जानामि क्षमस्व परमेश्वर[1]! ॥ अन्यथा शरणं नास्ति त्वमेव शरणं मम । तस्मात्कारुण्यभावेन रक्ष मां परमेश्वर ! गतं पापङ्गतं दुःखङ्गतं दारिद्र्यमेव च । आगता सुखसम्पत्तिः पुण्याच्च तव दर्शनात् ॥ मन्त्रहीनङ्क्रियाहीनम्भक्तिहीनं सुरश्वेर[2] ! यत्पूजितं मया देव[3] ! परिपूर्णं तद-

---

श्वेदेवाः सभासद इति ॥ ॐ विश्वतश्चक्षु० ॥

આ વિષયમાં આવેલો ૮ મો મંત્ર જુઓ ! ' ૧૨ પછી, બે હાથ જોડીને, આ શ્લોકો ભણીને ક્ષમા યાચવી.

૧ દેવી પંચાયતનના પૂજકે, દેવી મુખ્ય હોવાથી આ પ્રાર્થનામાં આ પ્રમાણે ફેરવીને બોલવું. " **परमेश्वरि !** " ૨ " **सुरेश्वरि !** " ૩ " **देवि !** "

स्तु मे ॥ यदक्षरपदभ्रष्टं मात्राहीनञ्च यद्भवेत्। तत्सर्वं क्षम्यतां देव! प्रसीद परमेश्वर! ॥ "अर्पणम्"—[4] अनेनावाहनासनपाद्यार्घ्याचमनीयस्नानवस्त्रोपवीतगन्धपुष्पधूपदीपनैवेद्यताम्बूल—दक्षिणाप्रदक्षिणामन्त्रपुष्पाञ्जलिरूपैः षोडशोपचारैरन्योपचारैश्च कृतेन पूजनाख्यकर्मणा ओम् भूर्भुवः स्वः श्री (अमुक) पञ्चायतनदेवाः प्रीयन्तां न मम ॥ ओम् तत्सद्ब्रह्मार्पणमस्तु ॥ ॐ विष्णवे नमः[5]। "शङ्ख भ्रामणम्"[6] "शङ्खमध्ये स्थितं तोयं भ्रामितं केशवोपरि। अङ्गलग्नं मनुष्याणां ब्रह्महत्यां व्यपोहति॥ इति षोडशोपचारपञ्चायतनदेवपूजनप्रयोगः ॥ ॥ ॥

---

४ પછી, કરેલું કર્મ ઇશ્વરાર્પણ કરવું. ૫ એમ ત્રણવાર બોલવું. ૬ પછી, શંખમાં જળ ભરીને, વિષ્ણુ ઉપર ફેરવવું. અને તે પોતાના શરીર ઉપર છાંટવું.

अतः परं

मध्याह्नकृत्यानि ।

[अथ [1] माध्यान्हसन्ध्याप्रयोगः

तत्रादौ [2] गन्धमिश्रितभस्मधारणं शिखाबन्धनं रुद्राक्षमाला-धारणमाचमनं प्राणायामत्रयं पवित्र धारणंपवित्रीकरणञ्च कृत्वा, "**संकल्पः**"— [3] **ॐ तत्सत् श्रीपरमेश्वर-प्रीत्यर्थं माध्याह्नसन्ध्योपासनमहं करिष्ये ॥**

[4] ततो मार्जनं कृत्वा ॥ "**अम्बुप्राशनं**" [5] **आपः पुनन्त्विति मन्त्रस्य नारायण ऋषिः । आपो देवता ।**

---

१ આ પ્રયોગમાં નામ માત્રથી બતાવેલો વિધિ અથવા મંત્ર પ્રાતઃસંધ્યા પ્રયોગમાં આવેલો હોવાથી સ્મરણ કરાવવા પૂરતો લખ્યો છે, એમ જાણવું અને તે માટે પ્રાતઃસંધ્યા પ્રયોગમાં સવિસ્તર છે ત્યાં જોઈ લેવું, જ્યાં જ્યાં વિશેષ છે તે દર્શાવવામાં આવ્યો છે. ૨ પ્રથમ ચંદનયુક્ત ભસ્મ ધારણ કરવું. પછી શિખા બંધન, રુદ્રાક્ષ માલા ધારણ, આચમન, ત્રણ પ્રાણાયામ, પવિત્ર અને પવિત્રી કરણ આ સર્વ પ્રાતઃ સંધ્યામાં બતાવ્યા પ્રમાણે કરીને, પછી ૩ સંકલ્પ કરવો ૪ પશ્ચાત્ માર્જન કરીને, ૫ આ મંત્ર ભણી અંબુપ્રાશન કરવું.

गायत्री छन्दः । अम्बुप्राशने विनियोगः ॥ ॐ आपः पुनन्तु पृथिवीं पृथिवी पूता पुनातु माम् । पुनन्तु ब्रह्मणस्पतिर्ब्रह्मपूता पुनातु माम् । यदुच्छिष्टमभोज्यं च यद्वा दुश्चरितं मम सर्वं पुनन्तु मामापो सतां च प्रतिग्रहँ स्वाहा ॥

६ पुनर्मार्जनञ्जलावग्रहणमघर्षणं पापपुरुषानिरसनञ्च कृत्वैकवारं सूर्यायार्घ्यं दद्यात् ॥ अनन्तरं ७ सूर्योपस्थानं गायत्रीजपञ्जपनिवेदनञ्जपार्पणमभिवादनञ्च कृत्वा, " अर्पणम् "

८ अनेन माध्यान्हसन्ध्योपासनाख्येन कर्मणा श्रीभगवान् परमेश्वरः प्रीयतां न मम । तत्सद्ब्रह्मार्पणमस्तु । ॐ विष्णवे नमः (३) ॥ इति माध्यान्हसन्ध्याप्रयोगः ॥]

---

६ પછી પુનમાર્જન, જલાવગ્રહણ, અઘમર્ષણ અને પાપ પુરૂષ નિરસન, કરીને એકવાર સૂર્યાર્ઘ્ય આપવુ.

૭ અનંતર સૂર્યોપસ્થાન, ગાયત્રી જપ, જપ નિવેદન, જપાર્પણ, અને અભિવાદન કરીને, ૮ આ પ્રમાણે ભણી કર્મ ઇશ્વરાર્પણ કરવું. અને પછી ત્રણવાર વિષ્ણુસ્મરણ કરવું.

